PUBLISHED BY AUTHORITY

Vol. L] SATURDAY, JUNE 20, 2009/JYAISTHA 30, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

FOOD, CIVIL SUPPLIES AND CONSUMER AFFAIRS DEPARTMENT

Order

Sachivalaya, Gandhinagar, 20th June,2009

No.CHTH/2009/15/ECA/10/2009/506/B.– The following notification issued by the Government of India, Ministry of Consumer Affairs, Food and Public Distribution is republished for general information of public.

MINISTRY OF CONSUMER AFFAIRS, FOOD AND PUBLIC DISTRIBUTION

(Department of Consumer Affairs)

ORDER

New Delhi, the 9th March,2009

S.O.. 649(E).- In exercise of the powers conferred by Section 3 of the Essential Commodities Act, 1955 (10 of 1955), the Central Government hereby makes the following Order further to amend the Removal of (Licensing Requirements, Stock Limits and Movement Restrictions) on Specified Foodstuffs Order, 2002, namely:-

1. (1) This Order may be called the Removal of (Licensing Requirements, Stock Limits and Movement Restrictions)on Specified Foodstuffs (Amendment)Order. 2009.

(2) It shall come into force on the date of its publication in the *Official Gazette*.

2. The works and expressions used in respect of purchase, movement, sale. supply, distribution or storage for sale in the Removal of Removal of (Licensing Requirements, Stock Limits and Movement Restrictions) on Specified Foodstuffs Order, 2002, shall be kept in abeyance for commodity, namely, Sugar for a period of four months from the date of issue of this Order or further Order, whichever is earlier.

3. Nothing contained in this Order shall affect the transport, distribution or disposal of sugar to places outside the State, nor shall it be applicable to import of this commodity;

Provided that the Central Government or State Governments may direct the importers to declare the receipts of stocks of sugar, and stocks retained by them.

4. All other provisions of the Removal of (Licensing Requirements, Stock Limits and Movement Restrictions) on Specified Foodstuffs Order, 2002, shall continue to remain in force even during the period mentioned in clause 2 above.

(F.No.10/2009-ECR & E)

RAJESH KACKER, Addl. Secy.

By order and in the name of the Governor of Gujarat,

MUKESH MODI,
Deputy Secretary to Government.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

Extra No. 182 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] MONDAY, JUNE 22, 2009/ASADHA 1, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નંબર : ૯, ૯મો માળ,

સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જૂન, ૨૦૦૯.

હુ ક મ

ક્રમાંક : ચટણ/એલબી/નિરીક્ષક/મનપા-૬૨૦૦૯-ક :- જૂનાગઢ મહાનગર પાલિકાની તા.૧૯-૭-૨૦૦૯ ના રોજ યોજાનાર સામાન્ય ચૂંટણીના સરળ સંચાલન તથા ચૂંટણી નિષ્પક્ષ, મુકત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી નિરીક્ષકની નિયુક્તિ અંગેની બાબત રાજ્ય ચૂંટણી પંચની વિચારણા હેઠળ હતી.

૨. રાજ્ય ચૂંટણી પંચ, પુખ્ત વિચારણાના અંતે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો-૧૯૯૪ના નિયમ-૪ ક(૧) તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩(ડ) અને ૨૪૩ (વ-ક) હેઠળ રાજ્ય ચૂંટણી પંચને મળેલ અધિકાર અન્વયે **શ્રી એમ.વી.જોષી, આઈ.એ.એસ. અધિક સચિવશ્રી (આદિજાતિ વિકાસ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને** જૂનાગઢ મહાનગર પાલિકાની તા.૧૯-૭-૨૦૦૯ ના રોજ યોજાનાર સામાન્ય ચૂંટણી માટેના ચૂંટણી નિરીક્ષક તરીકે આથી નિયુકત કરે છે.

૩. ચૂંટણી નિરીક્ષકશ્રીને આ સાથે સામેલ રાખેલ યાદીમાં દર્શાવેલ પૈકી કેટલુંક સાહિત્ય અત્રેથી અને બાકીનું સાહિત્ય સંબંધિત કલેકટરશ્રી/ચૂંટણી અધિકારીશ્રી દ્વારા આપવામાં આવશે.

૪. ચૂંટણી પ્રક્રિયાના સરળ સંચાલન તથા ચૂંટણી નિષ્પક્ષ, મુકત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી નિરીક્ષકશ્રીએ મુખ્યત્વે નીચે દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

(૧) ચૂંટણીનું સંચાલન મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો-૧૯૯૪ તથા આ અંગેની વખતો વખતની રાજ્ય ચૂંટણી

INDEX

પંચની સૂચનાઓ પ્રમાણે થાય તે માટે ચૂંટણીના દરેક તબક્કાની કામગીરીનું નિરીક્ષણ કરશે અને રાજ્ય ચૂંટણી પંચને પોતાનો અહેવાલ મોકલશે.

(૨) આદર્શ ચૂંટણી આચાર સંહિતાનો તથા તે અંગેના રાજ્ય ચૂંટણી પંચના જુદા જુદા પત્રો/પરિપત્રો/હુકમોનો અમલ થાય તે જોશે અને જો અમલ થતો ન હોય તો અમલ થાય તે બાબતે તાકીદે રાજ્ય ચૂંટણી પંચની સાથે પરામર્શ કરી તાત્કાલિક જરૂરી પગલાં પણ લેશે.

(૩) મતદાન મથકે તથા મતગણતરી સ્થળે પ્રવેશ કરી શકશે.

(૪) ચૂંટણી વિજાણું મતદાન યંત્રોથી કરવામાં આવશે, સર્વિસ/ટ્રેન્ડર મતપત્રો તથા લેબલ મતપત્રો વિગેરે છપાવવા પડશે. મતપત્રોના માપસાઈઝ, કાગળની ગુણવત્તા તથા પ્રતિકોની ડીઝાઈન/આકૃત્તિની ચકાસણી કરશે અને રાજ્ય ચૂંટણી પંચના આદેશો પ્રમાણે ન હોય તો રીપોર્ટ પણ કરશે.

(૫) ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તથા જરૂરી પોલીસ બંદોબસ્ત અંગે સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અને રાજ્ય ચૂંટણી પંચ સાથે પરામર્શ કરી જરૂર જણાયે તાત્કાલિક પગલાં પણ લેશે.

(૬) વિજાણું મતદાન યંત્રોના ઉપયોગની યોગ્ય તાલીમ સંબંધિત અધિકારીઓશ્રી/કર્મચારીઓને આપવામાં આવી છે તે તથા મતદારોને/સર્વે પક્ષોને પણ વિજાણું મતદાન યંત્રોના ઉપયોગ અંગેની જરૂરી જાણકારી આપવામાં આવી છે કે કેમ તેનું પણ નિરીક્ષણ કરશે.

(૭) ચૂંટણી નિષ્પક્ષ અને મુકત રીતે યોજાય તે જોશે અને તેમ કરવા રાજ્ય ચૂંટણી પંચ સાથે પરામર્શ કરી જરૂરી પગલાં પણ લેશે. મતદાન દુષિત થયું હોય તેવા કિસ્સામાં રાજ્ય ચૂંટણી પંચને પોતાનો અહેવાલ તાત્કાલિક મોકલશે.

(૮) ચૂંટણી નિરિક્ષકશ્રીએ ઉમેદવારી પત્રોની ચકાસણીના/મતદાનના આગળના/મતદાનના/મતગણતરીના આગળના અને મતગણતરીના દિવસે સંબંધિત મુખ્ય મથક પર અચૂક ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૯) ચૂંટણી ખર્ચ અંગેની વિગતવાર ચકાસણી કરવા માટે ઈલાયદી રીતે ચૂંટણી ખર્ચ અન્વેષકશ્રીની અત્રેથી નિમણૂંક કરવામાં આવેલ છે. તેમ છતાં ચૂંટણી નિરીક્ષકશ્રીએ સમગ્ર ચૂંટણી સંચાલન પર દેખરેખ રાખવાના ભાગરૂપે ચૂંટણી ખર્ચ અન્વયે પણ દેખરેખ રાખવાની રહેશે અને કોઈપણ બાબત ધ્યાન પર આવે તો પંચને તેની જાણ કરવાની રહેશે.

(૧૦) ચૂંટણીનું પરિણામ જાહેર થયા પછી, ત્રણ દિવસમાં સંપૂર્ણ વિગતો/આધારો સાથે ચૂંટણી અધિકારીઓની હેન્ડબુકમાં દર્શાવ્યા મુજબનો નિયત નમૂનામાં પોતાનો અહેવાલ રાજ્ય ચૂંટણી પંચને મોકલશે.

૫. ઉપર દર્શાવેલ બાબતો ઉપરાંત, આ સાથે સામેલ રાખેલ એનેક્ષર-(૧) તથા (૨) માં દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

૬. ચૂંટણી નિરીક્ષકશ્રીને આપવામાં આવેલ પુસ્તિકાઓ તથા જરૂરી સાહિત્ય તેઓશ્રીએ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત કરવાનું રહેશે.

રાજ્ય ચૂંટણી પંચના હુકમથી,

વી.એચ.શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 183 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] MONDAY, JUNE 22, 2009/ASADHA 1, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નંબર : ૯, ૯મો માળ,

સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જૂન, ૨૦૦૯.

હુ ક મ

ક્રમાંક : ચટણ/એસબી/૧૧૮/૬૨૦૦૯/ચૂં.ખ. અન્વેષક-ક .- ભારતનાં બંધારણનાં અનુચ્છેદ : ૨૪૩ (ડ) અને ૨૪૩ (વ) (ક) ની જોગવાઈઓ મુજબ રાજ્ય ચૂંટણી પંચની રચના કરવામાં આવેલ છે. બંધારણની તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનાં કાયદા/નિયમોની જોગવાઈ મુજબ રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની તમામ ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ માર્ગદર્શન અને તેનું નિયંત્રણ તથા સંચાલનની કામગીરી રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થયેલ છે.

બંધારણની જોગવાઈઓ અનુસાર રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી નિષ્પક્ષ, મુકત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય અને ચૂંટણી લડતા ઉમેદવારો/પક્ષોએ કરેલ ખર્ચ ઉપર દેખરેખ, ચકાસણી અને નિયંત્રણ રાખવા માટે રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી ખર્ચ અન્વેષકની નિયુકિત કરવા નિર્ણય લીધેલ છે.

જૂનાગઢ મહાનગર પાલિકાની તા.૧૯-૭-૦૯ ના રોજ યોજાનાર ચૂંટણીમાં, ચૂંટણી લડતા ઉમેદવારો/તેમના પક્ષો દ્વારા થતાં ચૂંટણી ખર્ચ ઉપર સતત ચકાસણી/તપાસણી કરવા માટે **શ્રી એસ.જી.વ્યાસ, સહાયક નિરીક્ષકશ્રી, જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી, જૂનાગઢને** આથી ચૂંટણી ખર્ચ અન્વેષક તરીકે નિમણૂંક આપવામાં આવે છે.

ચૂંટણી ખર્ચ અન્વેષકશ્રીને આ સાથે સામેલ રાખેલ યાદીમાં દર્શાવેલ પૈકી કેટલુક સાહિત્ય અત્રેથી અને બાકીનું સાહિત્ય કલેકટરશ્રી જુનાગઢ/સબંધિત ચૂંટણી અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવશે.

INDEX

ચૂંટણી પ્રક્રિયાનાં સરળ સંચાલન અને ચૂંટણી નિષ્પક્ષ, મુકત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય અને ચૂંટણી લડતા ઉમેદવારોના/પક્ષનાં ખર્ચ નિયંત્રણ/દેખરેખ રાખવા મુખ્યત્વે નીચે દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે.

(૧) ચૂંટણીનું સંચાલન મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા બાબતના) નિયમો-૧૯૯૪ તથા આ અંગેની વખતો વખતની રાજ્ય ચૂંટણી પંચની સૂચનાઓ પ્રમાણે થાય તે માટે ચૂંટણીના દરેક તબક્કાની કામગીરીનું નિરીક્ષણ કરશે અને રાજ્ય ચૂંટણી પંચને પોતાનો અહેવાલ મોકલશે.

(૨) આદર્શ ચૂંટણી આચાર સંહિતાનો તથા તે અંગેના રાજ્ય ચૂંટણી પંચના જુદા જુદા પત્રો/પરિપત્રો/હુકમોનો અમલ થાય તે જોશે અને જો અમલ થતો ન હોય તો અમલ થાય તે બાબતે તાકીદે રાજ્ય ચૂંટણી પંચની સાથે પરામર્શ કરી તાત્કાલિક જરૂરી પગલાં પણ લેશે.

(૩) મતદાન મથકે તથા મતગણતરી સ્થળે પ્રવેશ કરી શકશે.

(૪) ઉમેદવારોએ નિભાવવાના ખર્ચના વાઉચર/રજીસ્ટર તપાસવા.

(૫) ચૂંટણી ખર્ચ અન્વેષકશ્રીએ ઉમેદવારી પત્રોની ચકાસણીના/મતદાનના આગળના/મતદાનના/મતગણતરીના આગળના અને મતગણતરીના દિવસે સંબંધિત મુખ્ય મથક પર અચૂક ઉપસ્થિત રહેવાનું રહેશે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-ચખમ-સ્થા સ્વ-૬-૧૨૦૦૯-ક તા.૧૬-૧-૨૦૦૯ (હાજર સંદર્ભ માટે નકલ સામેલ છે.) ની સૂચનાઓમાં મહાનગર પાલિકાઓની ચૂંટણી ખર્ચની બાબતો ધ્યાનમાં લઈ નિયત કાર્યવાહી કરવાની રહેશે. સદરહું આદેશની વિગતો અનુસાર રાજ્ય ચૂંટણી પંચને અહેવાલ મોકલવાનો રહેશે.

ચૂંટણી ખર્ચ અન્વેષકને આપવા આવેલ પુસ્તિકાઓ તથા જરૂરી સાહિત્ય તેઓશ્રીઓ ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત કરવાનું રહેશે.

આપનો વિશ્વાસુ

બિડાણ :- ઉપર મુજબ.

વી.એચ.શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 184 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] TUESDAY, JUNE 23, 2009/ASADHA 2, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

ખંભાત નગરપાલિકા પેટા ચૂંટણી -૨૦૦૯

ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ-૬૮ અન્વયે ચૂંટાયેલ ઉમેદવારના નામની જાહેરાત.

(૧) ખંભાત નગરપાલિકાના નીચે જણાવેલ વોર્ડની પેટા ચૂંટણી તા.૨૧/૬/૨૦૦૯ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરિણામ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ના નિયમ-૬૧ અન્વયે નમૂના નં. ૨૧ મુજબ તૈયાર કરી નિયમ-૬૩ અન્વયે નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે કોલમ નંબર-૪ માં જણાવેલ ઉમેદવારને ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

(૨) નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ના નિયમ-૬૩ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારને નિયમ-૬૮ અન્વયે ખંભાત નગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સીલર તરીકે જાહેર કરી તેઓનું નામ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલા ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામું	
૧	૨	૩	૪	૫	૬
૧	૯	સામાન્ય સ્ત્રી	પરેશાબેન હિતેન્દ્રકુમાર ભટ્ટ	કોલમપાડો, અલીગ, ખંભાત	ભારતીય જનતા પક્ષ

સ્થળ : ખંભાત

તારીખ : ૨૩મી જૂન, ૨૦૦૯

(સહી) અવાચ્ય,

ચૂંટણી અધિકારી
ખંભાત નગરપાલિકા અને
નાયબ કલેકટર, પેટલાદ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 185

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] TUESDAY, JUNE 23, 2009/ASADHA 2, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

સાવરકુંડલા પેટા ચૂંટણી - ૨૦૦૯

ગુજરાત નગરપાલિકા(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ (૬૮) અન્વયે ચૂંટાયેલ ઉમેદવારના નામોની જાહેરાત

(૧) સાવરકુંડલા નગરપાલીકા નીચે જણાવેલ વોર્ડની પેટા ચૂંટણી તા. ૨૦/૬/૨૦૦૯ ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરિણામ ગુજરાત નગરપાલીકા (ની ચૂંટણી કરવા) બાબતના જણાવેલ બેઠક માટે તેની કોલમ નં. ૪ માં જણાવેલ ઉમેદવારોને ચૂંટાયેલ જાહેર કરવામાં આવેલ છે.

(૨) નગરપાલીકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમ ૧૯૯૪ ના નિયમ ૧૩,૬૩,૬૫ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારોને નિયમ-૬૮ અન્વયે સાવરકુંડલા નગરપાલીકાના ચૂંટાયેલા કાઉન્સિલરો તરીકે જાહેર કરી તેઓના નામો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ક્રમ	વોર્ડ નંબર	બેઠક પ્રકાર	ચૂંટાયેલા ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામું	
૧	૨	૩	૪	૫	૬
૧	૧૦	બીન અનામત	સરૈયા હિતેશભાઈ પરશોતમભાઈ	આઝાદ ચોક, સાવરકુંડલા.	અપક્ષ

સ્થળ : મામલતદાર કચેરી, સાવરકુંડલા
તારીખ : ૨૩/૬/૦૯.

(સહી)/અવાચ્ય,
ચૂંટણી અધિકારી,
નગર પાલીકા સાવરકુંડલા
અને
પ્રાંત અધિકારી, અમરેલી.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 186 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] THURSDAY, JUNE 25, 2009/ASADHA 4, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીનગર

તારીખ : ૨૨મી જુન, ૨૦૦૯

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

હુકમ :--

ક્રમાંક : ડીસી/જાહેરનામું/વશી ૪૧૮૬-૪૨૧૪/૨૦૦૯/SR/૪૯/૦૯.--ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્વો ગાંધીનગર જિલ્લાના રહેણાંક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચે તેવી કોશીશ કરી રજ્ઞા છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મૂકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી.એ.શાહ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી), ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે, ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન કે ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન, એકમો ભાડે આપી શકાશે નહીં. ભાડે આપેલ મકાન, ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમોની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય, તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમોમાં ભરીને જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

INDEX

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન કયારે ભાડે આપેલ છે ?	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે, તેમના પાકા સરનામા સાથે	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ-સરનામું
૧.	૨.	૩.	૪.	૫.	૬.

આ હુકમ તા. ૨૮/૦૬/૨૦૦૯ થી તા. ૨૮/૦૮/૨૦૦૯ (બંને દિવસો સુધ્ધાંત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર તથા જિલ્લાના તમામ સિનેમાગૃહો, વિડીયોગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિધ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા. ૨૨-૬-૨૦૦૯ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

બી. એ. શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગાંધીનગર.

INDEX

Extra No. 187 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] FRIDAY, JUNE 26, 2009/ASADHA 5, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

પાટણ નગર પાલિકા પેટા ચૂંટણી - ૨૦૦૯

ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગર પાલિકા(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો

૧૯૯૪ ના નિયમ-૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારના નામની જાહેરાત

ક્રમાંક : નગર/પેટા ચૂંટણી/પાટણ/૨૦૦૯

(૧) પાટણ નગરપાલિકાના નીચે જણાવેલ વોર્ડની પેટા ચૂંટણી તા. ૨૧/૬/૨૦૦૯ ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરિણામ ગુજરાત નગર પાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ ના નિયમ-૬૧ અન્વયે નમૂના નં. ૨૧ મુજબ તૈયાર કરી નિયમ-૬૩ અન્વયે નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે કોલમ નંબર ૪ માં જણાવેલ ઉમેદવારોને ચૂંટાયેલ જાહેર કરવામાં આવેલ છે.

(૨) નગર પાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ ના નિયમ ૬૩ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારને નિયમ ૬૮ અન્વયે પાટણ નગર પાલિકાના ચૂંટાયેલા કાઉન્સીલર તરીકે જાહેર કરી તેઓના નામ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલા ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામું	
૧	૨	૩	૪	૫	૬
૧	૧૦	સામાન્ય	યુસુફખાન ફૈજુલ્લાખાન પઠાણ	દોસ્તનો મહોલ્લો, પાટણ	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ

તારીખ : ૨૩/૬/૨૦૦૯.
સ્થળ : પાટણ

(સહી)/અવાચ્ય,
ચૂંટણી અધિકારી
પાટણ નગર પાલિકા વોર્ડ નં. ૧૦
વ
નાયબ કલેકટર (મ.ભો.યો.)
પાટણ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 188 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] FRIDAY, JUNE 26, 2009/ASADHA 5, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

ડભોઈ નગર પાલિકાની પેટા ચૂંટણી ૨૦૦૯

ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગર પાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ-૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારોના નામોની જાહેરાત

ક્રમાંક :

(૧) ડભોઈ નગર પાલિકાના નીચે જણાવેલ વોર્ડોની પેટા ચૂંટણી તા. ૨૩/૬/૨૦૦૯ ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરિણામ ગુજરાત નગર પાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ-૬૧ અન્વયે નમૂના નં. ૨૧ મુજબ તૈયાર કરી નિયમ-૬૩ અન્વયે નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે તેની સામે કોલમ નંબર ૪ માં જણાવેલ ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૨) નગર પાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ ૬૩ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારોને નિયમ ૬૮ અન્વયે ડભોઈ નગર પાલિકાના ચૂંટાયેલા કાઉન્સિલરો તરીકે જાહેર કરી તેઓનાં નામો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલ ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામુ	
૧	૨	૩	૪	૫	૬
૧	૩	અનુસુચિત આદિજાતિ (સ્ત્રી)	જશોદાબેન પુનમભાઈ વસાવા	નાંદોદી ભાગોળ,નવી નગરી ડભોઈ	ભારતીય જનતા પક્ષ

(સહી) અવાચ્ય,

ચૂંટણી અધિકારી
ડભોઈ નગર પાલિકા અને
પ્રાંત અધિકારી, ડભોઈ

સ્થળ : ડભોઈ
તારીખ : ૨૩/૬/૦૯

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 189 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] FRIDAY, JUNE 26, 2009/ASADHA 5, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

ગોધરા નગરપાલિકાની પેટા ચૂંટણી-૨૦૦૯

ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગરપાલિકા(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ ૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારોના નામોની જાહેરાત.

ક્રમાંક : નપલ/ચટણ/વશી.

(૧) પંચમહાલ જીલ્લાની ગોધરા નગરપાલિકાના નીચે જણાવેલ વોર્ડોની પેટા ચૂંટણી તા.૨૧/૦૬/૦૯ ના રોજ યોજાયેલ તેની મતગણતરીનું પરિણામ ગુજરાત નગરપાલિકા(ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ-૬૧ અન્વયે નમૂના નં. ૨૧ મુજબ તૈયાર કરી નિયમ-૬૩ અન્વયે નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે કોલમ નં.-૪ માં જણાવેલ ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૨) નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ ૧૩, ૬૩, ૬૫ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નીચે જણાવેલ વોર્ડોની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારોને નિયમ ૬૮ અન્વયે ગોધરા નગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સિલરો તરીકે જાહેર કરી તેઓનાં નામો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

અ. નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલા ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ.	સરનામું	
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૧. અનુ.જાતિ સ્ત્રી	હંસાબેન પ્રેમેન્દ્રકુમાર વાઘેલા	નાડીયાવાસ, ખાડી ફળીયા, ગોધરા	ભારતીય જનતા પક્ષ
૨	૧	૨. અનુ.આદિજાતિ	ઉદેસીંહ ધનાભાઈ મોહનીયા	જી.એલ.યાર્ડ, ગોધરા	ભારતીય જનતા પક્ષ
૩	૧	૩. સામાન્ય	શ્યામસુંદર બાલકૃષ્ણ શર્મા	ગૌતમનગર સોસાયટી, રામનગર પાસે, ગોધરા	ભારતીય જનતા પક્ષ
૪	૨	૧. સામાન્ય સ્ત્રી	રણજીતાબેન લક્ષ્મણભાઈ મકવાણા	ડોળફા ફળિયું, ભુરાવાવ ચાર રસ્તા પાસે, ગોધરા	ભારતીય જનતા પક્ષ

INDEX

અ. નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલા ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ.	સરનામું	
૧	૨	૩	૪	૫	૬
૫	૨	૩. સામાન્ય	દિપકકુમાર હેમનદાસ ખીમાણી	સ્વામી લીલાશાહ સોસાયટી, પાવર હાઉસ, ગોધરા	ભારતીય જનતા પક્ષ
૬	૩	૧. અનુ.આદિજાતિ સ્ત્રી	સવિતાબેન ચંદુભાઈ બુજ	વાગડીયાવાસ, ભુરાવાવ, ગોધરા	ભારતીય જનતા પક્ષ
૭	૫	૧. સામાન્ય સ્ત્રી	નયનાબેન મિલનકુમાર રાણા	૮૪, રાણા સોસાયટી, માર્કેટીંગ યાર્ડ પાસે, ગોધરા	ભારતીય જનતા પક્ષ
૮	૧૧	૩. સામાન્ય	ગંગારામ જેઠાનંદ હરવાણી	"કેશવ" અંબિકા સિનેમા સામે, ગાર્ડન રોડ, ગોધરા	(--)
૯	૧૨	૧. સામાન્ય સ્ત્રી	કેતકીબેન પ્રદીપકુમાર સોની	પ્રભારોડ, પો.ચો.૮ સામે, ગોધરા	ભારતીય જનતા પક્ષ
૧૦	૧૨	૨. અનુસૂચિત જાતિ	જયેશકુમાર બાબુભાઈ ચૌહાણ	૨૦, મામા ફડકેનગર, સ્મશાન રોડ, ગોધરા	ભારતીય જનતા પક્ષ

તારીખ : ૨૩/૬/૦૯
સ્થળ : ગોધરા.

(સહી) અવાચ્ય,
ચૂંટણી અધિકારી
ગોધરા નગર પાલિકા અને
નાયબ કલેકટર, ગોધરા પ્રાંત ગોધરા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 190 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] FRIDAY, JUNE 26, 2009/ASADHA 5, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

વિરમગામ નગરપાલિકાની પેટા ચૂંટણી -૨૦૦૯

ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ-૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારના નામની જાહેરાત.

ક્રમાંક :

(૧) અમદાવાદ જિલ્લાની વિરમગામ નગરપાલિકાના નીચે જણાવેલ અ.નં. ૧ ની સામે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે કોલમ નં. ૪ માં જણાવેલ ઉમેદવારને ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો૧૯૯૪ ના નિયમ-૧૩ અન્વયે બિનહરીફ ચૂંટાયેલા કાઉન્સિલર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ના નિયમ ૧૩,૬૩,૬૫ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારોને નિયમ-૬૮ અન્વયે વિરમગામ નગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સિલર તરીકે જાહેર કરી તેઓના નામો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલા ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામું	
૧	૨	૩	૪	૫	૬
૧	૯	૧. સામાન્ય	શ્રી ખેડુઘાંચી અહેમદભાઇ આદમભાઇ	અડ્ડાની મસ્જીદ, રૈયાપુર રોડ, વિરમગામ	

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૬મી જૂન, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,

ચૂંટણી અધિકારી
વિરમગામ નગરપાલિકા વોર્ડ નં.૯, અને
નાયબ કલેકટર, વિરમગામ પ્રાંત,
અમદાવાદ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 191 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] MONDAY, JUNE 29, 2009/ASADHA 8, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર ૨૯મી જુન, ૨૦૦૯.

ક્રમાંક : ચટણ-મનપા-મ.કા.-૮-૬૨૦૦૯-ક.-- રાજ્ય ચૂંટણી પંચે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪ ના નિયમ-૨૦ હેઠળ મહાનગર પાલિકાની ચૂંટણીમાં મતદારોએ મતદાન મથકે મતદાન કરવા માટે મતદાન શરૂ કરવા માટેનો તથા બંધ કરવા માટેનો સમય નક્કી કરવાનો રહે છે.

રાજ્ય ચૂંટણી પંચે, જુનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧ થી ૧૭ની બેઠકોની સામાન્ય ચૂંટણીનું મતદાન તા. ૧૯-૭-૨૦૦૯ના રોજ યોજવાનું જાહેર કરવામાં આવેલ છે. જેથી મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો-૧૯૯૪ના નિયમ-૨૦ હેઠળ મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી પંચ, જુનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧ થી ૧૭ની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે, મતદાન શરૂ કરવા માટેનો સમય સવારના ૮-૦૦ તથા મતદાન બંધ કરવા માટેનો સમય સાંજના ૫-૦૦ વાગ્યાનો નક્કી કરે છે. અને તે અનુસાર મતદાન સવારે ૮-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી રહેશે.

આ જાહેરનામું સરકારી રાજ્યપત્ર ભાગ-૪(સી)માં પ્રસિધ્ધ કરવા રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 192

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] TUESDAY, JULY 7, 2009/ASADHA 16, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુલાઈ, ૨૦૦૯.

વંચાણમાં લીધા :

(૧) રા.ચૂ.પં. ના સુધારા આદેશ ક્રમાંક : ચટણ-પચત-વયમ-૪૧(૧)-૧૦-૫૨૦૦૮-ક તા. ૨૩-૧૦-૨૦૦૮.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નોટીફીકેશન નં. કેવી-૩૭-૨૦૦૯-૭એલઈ-૧૦૨૦૦૮-૬૦૮૭-પી, તા. ૨૧-૫-૨૦૦૯.

સુધારા આદેશ

૧. કાર્યાલય આદેશ ક્રમાંક : ચટણ-મનપા-વમય-૪૧(૧)-૧૦-૭૨૦૦૯-ક-વશી.– રાજ્ય ચૂંટણી પંચના વંચાણ (૧)ના આદેશથી, મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં વિજાણું મતદાન યંત્રો પર મતદાન લેવામાં આવે ત્યારે, મતગણતરી પુરી થયા બાદ વિજાણું મતદાન યંત્રો તથા સીલબંધ પરબીડયાં તથા અન્ય ચૂંટણી રેકર્ડની સીલબંધ લોખંડની પેટીઓ જિલ્લા/પેટા તિજોરીના સ્ટ્રોંગરૂમમાં ડબલ લોકમાં રાખવા અન્વયે, વિજાણું મતદાન યંત્રોમાં સંગ્રહિત માહિતી **(Memory)** રાખવા, તેની અભિરક્ષા કરવા માટે કાયદા / નિયમોની જોગવાઈઓ મુજબ એક વર્ષની સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ હતી.

તાજેતરના વંચાણ (૨) વાળા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૧-૫-૨૦૦૯ના જાહેરનામાથી મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા બાબતના) નિયમ-૭૨માં સુધારો કરવામાં આવેલ છે. જે મુજબ ચૂંટણી સંબંધિ કાયદાકીય તકરાર ન હોય ત્યારે વિજાણું મતદાન યંત્રમાંથી માહિતી ભૂંસી નાખવા માટેની સમય મર્યાદા ૩૦ દિવસ પછીની નક્કી કરવામાં આવેલી છે. મહાનગરપાલિકાની તમામ ચૂંટણીઓમાં વિજાણું મતદાન યંત્રના ઉપયોગ કરવાનું પંચે નક્કી કરેલ છે. તેમજ કાયદા / નિયમોની જોગવાઈઓ તથા વિજાણું મતદાન યંત્રોની ઉપલબ્ધિ વગેરે બાબતો ધ્યાનમાં રાખી, પુખ્ત વિચારણાના અંતે વિજાણું મતદાન યંત્રોમાં સંગ્રહિત માહિતી **(Memory)** સાથે તેની અભિરક્ષા અંગે સુધારા-વધારા સાથેના અધતન અને સંકલિત આદેશ નીચે મુજબ બહાર પાડવાનું રાજ્ય ચૂંટણી પંચ ઠરાવે છે.

(૧) મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં વિજાણું મતદાન યંત્રો પર મતદાન લેવામાં આવે ત્યારે મતગણતરી પુરી થયા બાદ વિજાણું મતદાન યંત્રો તથા સીલબંધ પરબીડીયાં તથા અન્ય ચૂંટણી રેકર્ડની લોખંડની પેટીઓ જિલ્લા/પેટા તિજોરીના સ્ટ્રોંગ રૂમમાં ડબલ લોકમાં મુકવાના રહેશે.

(૨) ચૂંટણી પરિણામ જાહેર થયા પછી વિજાણું મતદાન યંત્રો, સંગ્રહિત માહિતી **(Memory)** સાથે સામાન્યતઃ ત્રીસ (૩૦) દિવસ સુધી અભિરક્ષામાં રાખવામાં આવશે.

(૩) ચૂંટણી સંબંધી જો નામદાર કોર્ટમાં કોઈ ચૂંટણી અરજી થઈ નહી હશે તો, શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, કોઈ કોર્ટ મેટર થયેલ નથી, તેની ખાત્રી કરી, ત્રીસ (૩૦) દિવસની મુદત વિત્યા બાદ, વિજાણું મતદાન યંત્રમાંથી માહિતી ભૂંસી નાખવાના (ઈરેઝ કરવાના) હુકમો કરશે.

(૪) ચૂંટણી સંબંધે જ્યારે કોઈ ચૂંટણી અરજી થઈ હોય ત્યારે, બેઠકની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલ તમામ વિજાણું મતદાન યંત્રો નામ. કોર્ટ દ્વારા ચૂંટણી અરજીનો આખરી નિર્ણય થાય ત્યાં સુધી સલામત અભિરક્ષામાં રાખવાના રહેશે.

(૫) મતદાન મથક કબજે કરવા જેવી બાબતો, તેમાં વિજાણું મતદાન યંત્રનો સમાવેશ થયેલો હોય, તેવા કોર્ટ કેસોનો નિર્ણય બાકી હોય ત્યારે, તે મતદાન મથકે ઉપયોગમાં લેવાયેલ સંબંધિત વિજાણું મતદાન યંત્ર/યંત્રો, તેવા કેસોનો આખરી નિર્ણય થાય ત્યાં સુધી સાચવી રાખવાના રહેશે.

(૬) નામ. કોર્ટ દ્વારા ચૂંટણી અરજી અથવા ઉપર ક્રમ-૪ અને ૫માં જણાવેલ કેસોના આખરી નિકાલની, શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી યોગ્ય ખાતરી કર્યા બાદ વિજાણું મતદાન યંત્રમાંથી માહિતી ભૂંસી નાખવાનો આદેશ કરશે અને ત્યારબાદ સદરહુ વિજાણું મતદાન યંત્રનો પછીની ચૂંટણીમાં ઉપયોગ કરી શકાશે.

(૭) ઉપર ક્રમ ૨ તથા ૩ મુજબ નક્કી કર્યુ હોવા છતાં, ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલ વિજાણું મતદાન યંત્રો સંબંધે જો કોઈ ચૂંટણી અરજી થઈ ન હોય ત્યારે તે સમય મર્યાદા અગાઉ વિજાણું મતદાન યંત્રો બીજી ચૂંટણીમાં ઉપયોગમાં લેવા રાજ્ય ચૂંટણી પંચ ખાસ આદેશ કરી શકશે.

આ સુધારા આદેશ બહાર પાડતાં મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં વપરાતાં વિજાણું મતદાન યંત્રો **(EVM)** ની સંગ્રહિત માહિતી અને તેની અભિરક્ષા અંગેના સંદર્ભ-(૧)માં જણાવેલ આદેશ રદ કરવામાં આવે છે.

આ આદેશ રવાના કર્યાની તારીખથી અમલમાં આવશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 193 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] TUESDAY, JULY 7, 2009/ASADHA 16, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

સચિવાલય, ગાંધીનગર,

તા.૭-૭-૨૦૦૯

વંચાણે લીધુ : ૧. રાજ્ય ચૂંટણી પંચનો આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૫, તા. ૧૭-૪-૯૫.

૨. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૬, તા. ૭-૧૦-૯૬.

૩. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૮, તા. ૩-૭-૯૮.

૪. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૯, તા. ૧૬-૪-૯૯.

૫. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૯, તા. ૧૯-૪-૯૯.

૬. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૯૯, તા. ૧-૭-૯૯.

૭. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ, તા. ૩૦-૧૨-૯૯.

૮. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૦, તા. ૧-૨-૨૦૦૦.

૯. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૦-તજપ-જન-૩૧, તા. ૧૪-૮-૨૦૦૦.

૧૦. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૦, તા. ૪-૯-૨૦૦૦.

૧૧. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ--પફઅ-૨૦૦૦, તા. ૧૭-૧૦-૨૦૦૦.

૧૨. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પફઅ-૨૦૦૦, તા. ૨૪-૧૦-૨૦૦૦.

૧૩. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૩૧-૩-૨૦૦૧..

૧૪. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૧૯-૪-૨૦૦૧.

૧૫. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૩-૯-૨૦૦૧..

૧૬. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા. ૧-૧૧-૨૦૦૧.

૧૭. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૨૪-૧-૨૦૦૨.

૧૮. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૩૦-૩-૨૦૦૨.

૧૯. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૨૦-૫-૨૦૦૨.

૨૦. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૨૨-૭-૨૦૦૨.

૨૧. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૯-૧૨-૨૦૦૨.

૨૨. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૩૦-૫-૨૦૦૩.

INDEX

૨૩. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૧૯-૭-૨૦૦૩.
૨૪. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૨, તા. ૨૧-૭-૨૦૦૩.
૨૫. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૪, તા. ૬-૫-૨૦૦૪.
૨૬. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૪, તા. ૨૧-૧૦-૨૦૦૪.
૨૭. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૫, તા. ૫-૫-૨૦૦૫
૨૮. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : ચટણ-પચત-તજપ-જન-૩૧-૧૨૦૦૬-ક, તા. ૨૧-૧-૨૦૦૬.
૨૯. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : ચટણ-પચત-તજપ-જન-૩૧-૮૨૦૦૬-ક, તા. ૭-૮-૨૦૦૬.
૩૦. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : ચટણ-પચત-તજપ-જન-૩૧-૪૨૦૦૭-ક, તા. ૨-૫-૨૦૦૭.
૩૧. રાજ્ય ચૂંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક : ચટણ-પચત-તજપ-જન-૩૧-૧૨૨૦૦૯-ક, તા. ૨૬-૧૨-૨૦૦૭.

સુધારા આદેશ

૧. **ક્રમાંક : ચટણ-પચત-તજપ-જન-૩૧(૩)-૭૨૦૦૯-વશી-૧૭૦-ક.**--રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ઉપર આમુખ (૧) ની આગળ દર્શાવેલ તા. ૧૭-૪-૯૫ના આદેશથી રાજ્યની જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે પ્રતિકો અનામત રાખવા તથા ફાળવવા અંગે ઠરાવવામાં આવ્યું છે અને તેમાં ઉપર આમુખ-૨ થી ૩૧ની આગળ દર્શાવેલ સુધારા આદેશોથી વખોત વખત સુધારો કરવામાં આવેલ છે.

૨. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪માં રાજકીય પક્ષો તથા ઉમેદવારોને અનામત પ્રતિકો ફાળવવા બાબતે જોગવાઈ થયેલ ન હોઈ ઉપરોક્ત નિયમોના નિયમ ૧૧ તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (૬) હેઠળ મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી પંચ, ઉપર આમુખ (૧) ની આગળ દર્શાવેલ અત્રેના તા. ૧૭-૪-૧૯૯૫ના આદેશમાં નીચે પ્રમાણે વધુ સુધારો-વધારો કરે છે.

(૧) ફકરા નં. ૨ મુજબના પરિશિષ્ટ-૧માં અનુક્રમ નં. ૬ પછી નીચે પ્રમાણે ઉમેરો કરવામાં આવે છે.

૭.	રાષ્ટ્રીય જનતા દળ	બ્લોક નં. ૪, ઘર નં. ૭૭, મુંબઈ માર્કેટની પાસે, ગુજરાત હાઉસીંગ બોર્ડ, શિવનગર સોસાયટી, સુરત-૩૯૫૦૧૦.

(૨) ફકરા નં. ૧૦(૧) મુજબના પરિશિષ્ટ-૨માં અનુક્રમ નં. : ૧૪ પછી નીચે પ્રમાણે ઉમેરો કરવામાં આવે છે.

૧૫.	મહાગુજરાત જનતા પાર્ટી,	એ-૨૦૩, સત્યમેવ-૧, એસ.જી. રોડ, ગુજરાત હાઈકોર્ટની સામે, અમદાવાદ, ગુજરાત.
૧૬.	રાષ્ટ્રીય કલ્યાણ પક્ષ,	૯૦૪-અટલાન્ટા ટાવર્સ, ઈન્કલાબ સોસાયટી, ગુલબાઈ ટેકરા, અમદાવાદ.
૧૭.	રાષ્ટ્રીય સમાજવાદી પાર્ટી (સેક્યુલર)	એ-૧૦૪, રાજશ્રી એવન્યુ, બી/એચ, ઈન્કમટેક્ષ, દિનેશ હોલની પાસે, આશ્રમરોડ, અમદાવાદ, ગુજરાત
૧૮.	ભારતીય નેશનલ જનતા દળ	૭૦૧/એ, સાતમો માળ, મેઘમલ્હાર કોમ્પલેક્ષ, સેકટર-૧૧, ગાંધીનગર ગુજરાત-૩૮૨ ૦૧૦.

(૩) ફકરા નં. ૭(૧) મુજબના પરિશિષ્ટ-૩માંથી

(૧) અનુક્રમ નં. ૧-વિમાન, નં.-૩-કુહાડી, નં. ૬-બંગડીઓ, નં. ૧૧-મણકાનો હાર, નં. ૧૩-પુસ્તક, નં. ૧૫-ઈંટ, નં. ૨૮-છરો, નં. ૪૯-નેક ટાઈ, નં. ૬૫-ચોકલેટ અને નં. ૬૯-ઉન પ્રતિકની નોંધ રદ કરવામાં આવે છે.

(૨) ઉપર પ્રમાણેના પ્રતિકો રદ થતાં પરિશિષ્ટ નં. ૩ માં નવેસરથી અનુક્રમ નં. ૧ થી ૫૯ના નંબર આપવામાં આવે છે.

(૪) ફકરા નં. ૭(૨) મુજબના પરિશિષ્ટ-૪માંથી

(૧) મુક્ત પ્રતિકોના નમુનાના અનુક્રમ નં. ૧-વિમાન, નં.-૩-કુહાડી, નં. ૬-બંગડીઓ, નં. ૧૧-મણકાનો હાર, નં. ૧૩-પુસ્તક, નં. ૧૫-ઈંટ, નં. ૨૮-છરો, નં. ૪૯-નેક ટાઈ, નં. ૬૫-ચોકલેટ અને નં. ૬૯-ઉન પ્રતિકની નોંધ રદ કરવામાં આવે છે.

(૨) ઉપર પ્રમાણેના પ્રતિકો રદ થતાં પરિશિષ્ટ નં. ૪ માં નવેસરથી અનુક્રમ નં. ૧ થી ૫૯ના નંબર આપવામાં આવે છે.

આ આદેશ પંચાયતોની હવે પછી જાહેર થનાર ચૂંટણીઓને લાગુ પડશે.

આદેશથી

વી. એચ. શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

સચિવાલય, ગાંધીનગર, તા.૧૭-૪-૯૫

૧૯૯૫ના ચૂંટણી પ્રતિકો (જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતોની ચૂંટણી) અનામત રાખવા અને ફાળવવા અંગેનો આદેશ

આદેશ

ક્રમાંક :-રાચપ-ચટણ-પચત-પફઅ-૯૫.--ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૧૧ સાથે વાંચતા ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩ (કે) અન્વયે મળેલી સત્તા હેઠળ રાજ્ય ચૂંટણી પંચ રાજ્યની જિલ્લા/તાલુકા અને ગ્રામ પંચાયતોની તથા સરપંચની સામાન્ય/પેટા ચૂંટણીઓ માટે હરીફ ઉમેદવારોને પ્રતિક નક્કી કરવા તથા ફાળવવા અંગે નીચે પ્રમાણે આદેશ કરે છે.

૧. આ આદેશના હેતુસારૂ પ્રતિકોના બે પ્રકાર રહેશે. (૧) અનામત અને (૨) મુક્ત. આ આદેશમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય અનામત પ્રતિક એટલે એવું પ્રતિક કે જે માન્ય રાજકીય પક્ષના ઉમેદવાર માત્રને જ ફાળવી શકાશે. મુક્ત પ્રતિક એટલે અનામત પ્રતિક સિવાયના પ્રતિક.

૨. [૧][પરિશિષ્ટ નંબર ૧ના કોલમ-૨માં જણાવેલ પક્ષોને રાષ્ટ્રીય કક્ષાના રાજકીય પક્ષો તરીકે માન્ય રાખવા તથા તે પક્ષો માટે તેની સામે કોલમ-૩માં જમાવેલ પ્રતિકોને પક્ષોના ઉમેદવારોને ફાળવવા માટે અનામત રાખવાનું નક્કી કરે છે અને પક્ષના ઉમેદવારોને તે પ્રતિક ફાળવવાના રહેશે.]

૩. (૧) ઉપરોક્ત પક્ષના ઉમેદવારોને પક્ષના નામ સામે જણાવેલ જ પ્રતિકો ફાળવવાનાં રહેશે.

(૨) આ પ્રતિકો અન્ય કોઈ ઉમેદવારોને ફાળવી શકાશે નહી તેમજ આ પક્ષના ઉમેદવારને અન્ય કોઈ પ્રતિકો ફાળવી શકાશે નહી.

(૩) આ પ્રતિકો અનામત પ્રતિકો તરીકે ઓળખાશે.

૪. માન્ય રાજકીય પક્ષોના ઉમેદવાર તરીકે અનામત પ્રતિક ફાળવવાની પાત્રતા માટે નીચેની શરતો સંતોષવી રહેશે.

(૧) ઉમેદવારે તેઓના ઉમેદવારી પત્રમાં તે અંગેની જાહેરાત કરવાની રહેશે.

[૩][૧અ) ઉમેદવાર જે તે રાજકીય પક્ષનો સભ્ય હોવો જોઈશે અને તેમનું નામ પક્ષના સભ્યોની યાદી ઉપર નોંધાયેલું હોવું જોઈશે.]

(૨) [૨][રાજકીય પક્ષના ઉમેદવાર છે તે અંગેની લેખિત જાણ ચૂંટણી અધિકારીને તેમજ સચિવ, રાજ્ય ચૂંટણી પંચને ઉમેદવારીપત્રો રજુ કરવાની છેલ્લી તારીખે બપોરના ૩.૦૦ વાગ્યા સુધી કરી હોવી જોઈશે.]

(૩) આવી જાણ કરતો પત્ર પક્ષના પ્રમુખ, મંત્રી કે અન્ય હોદ્દેદારોએ પાઠવ્યો હોવો જોઈએ અને પક્ષે આ પ્રકારની જાણ કરવા માટે પ્રમુખ, મંત્રી કે અન્ય હોદ્દેદારને અધિકૃત કર્યા હોવા જોઈશે.

(૪) આવી અધિકૃત વ્યક્તિનું નામ અને તેમની સહીનો નમૂનો ચૂંટણી અધિકારીને તેમજ સચિવ, રાજ્ય ચૂંટણી પંચને ઉમેદવારીપત્રો રજૂ કરવાની છેલ્લી [૪][તારીખે બપોરના ૩.૦૦ વાગ્યા સુધી] મોકલવો જોઈશે.

---

૧. સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-પફઅ-૯૯, તા.૩૦-૧૨-૯૯થી મૂળ ફકરો-૨ રદ કરી તેના સ્થાને આ ફકરો મુક્યો છે.

૨. સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-પફઅ-૨૦૦૦-તજપ-જન-૩૧, તા.૧૪-૮-૨૦૦૦થી મૂળ શરત નંબર (૨) રદ કરી તેના સ્થાને આ શરત મૂકી છે

૩. સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા.૩૧-૩-૨૦૦૧થી ઉમેરેલ છે.

૪. સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા.૩૧-૩-૨૦૦૧થી મૂળ શબ્દોનો સ્થાને આ શબ્દો મુક્યા છે.

INDEX

૫. જે રાજકીય પક્ષને ભારતના ચૂંટણી પંચ તરફથી રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા આપવામાં આવે તે પક્ષ માટે ભારતના ચૂંટણી પંચે અનામત રાખેલું પ્રતિક રાજ્ય કક્ષાના પક્ષ માટે અનામત રાખવાનું રહેશે.

૬. રાજ્ય કક્ષાના પક્ષ માટે અનામત રાખેલું પ્રતિક તે પક્ષના ઉમેદવારને જ ફાળવવાનું રહેશે. તે પક્ષના ઉમેદવારને અન્ય કોઇ પ્રતિક ફાળવી શકાશે નહી, તેમજ અન્ય કોઇ ઉમેદવારને આ પ્રતિક ફાળવી શકાશે નહી.

[3][૬ ક. અગાઉ રાષ્ટ્રીય અથવા રાજ્યકક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રા હતી તેવા અમાન્ય પક્ષે ઉભા રાખેલા ઉમેદવારને છૂટછાટ બાબતઃ

ચૂંટણીની નોટીસ /જાહેરનામાની તારીખ અગાઉ છ વર્ષથી વધુ નહી તે રીતે રાષ્ટ્રીય અથવા કોઇ રાજ્ય/કેન્દ્ર પ્રદેશમાં રાજ્યકક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રા હતી અને અત્યારે માન્યતા પ્રા નથી તેવો રાજકીય પક્ષ, ઉમેદવાર ઉભો રાખે ત્યારે બેઠકના બીજા ઉમેદવારોને બાકાત કરીને તે પક્ષે ઉભા રાખેલા ઉમેદવારને, પક્ષ અગાઉ રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્ય હતો તે સમયે પક્ષનું અનામત રાખેલ પ્રતિક, આવું પ્રતિક મુક્ત પ્રતિક તરીકે માન્ય ન હોય તો પણ નીચેની દરેક શરતો સંતોષાતી હશે ત્યારે, ફાળવી શકાશે.

(અ) રાજ્ય ચૂંટણી પંચ તરફથી ચૂંટણીની તારીખ નક્કી કરતી જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખ પછીના ત્રણ દિવસની અંદર તેવા પક્ષ તરફથી તેના માટે અગાઉ અનામત રાખેલ પ્રતિકની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચને અરજી કરવામાં આવી હોય.

(બ) તેવા ઉમેદવારે ઉમેદવારી પત્રમાં તેઓ જે તે પક્ષે ઉભા રાખેલા ઉમેદવાર છે તેવી જાહેરાત કરી હોય અને પક્ષે ફકરા ૪ની શરત નંબર (૧) થી (૪) તથા ફકરા નંબર ૧૨ની શરત નંબર ૧ થી ૫ સંતોષી હોય.

(ક) આવા પ્રતિકની ફાળવણી કરવા માટેની માંગણી અરજી નામંજુર કરવા માટે પુરતાં કારણો નથી તેવો રાજ્ય ચૂંટણી પંચનો અભિપ્રાય હોય.]

[1][૭(૧) રાજ્યની જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા/મધ્યસત્ર ચૂંટણી માટે પરિશિષ્ટ નંબર-૩માં જણાવેલ પ્રતિકોને મુકત પ્રતિકો તરીકે નકકી કરવામાં આવે છે.

૭(૨) પરિશિષ્ટ નંબર-૧માં જણાવેલ અનામત પ્રતિકો તથા પરિશિષ્ટ નંબર-૩માં જણાવેલ મુકત પ્રતિકોના નમૂનાઓ તથા સાઈઝ પરિશિષ્ટ નંબર-૪માં જણાવ્યા મુજબના નકકી કરવામાં આવે છે. પરિશિષ્ટમાં જણાવેલ નમૂના પ્રમાણેના પ્રતિકો મતપત્રોમાં દર્શાવી મતપત્રો છપાવવાનાં રહેશે.]

[2][૭(૩) અન્ય ઉમેદવારોએ પ્રતિકોની પસંદગી કરવા તથા તેઓને ફાળવણી કરવા બાબત.

(૧) બેઠકની ચૂંટણીના નીચેના સિવાયના હરકોઈ ઉમેદવાર ફકરા ૭(૧) મુજબ નકકી કરેલ મુકત પ્રતિકો પૈકી પ્રતિકોની પસંદગી કરશે અને તેવા ઉમેદવારને ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૧૧ તથા ૧૮ તથા આ આદેશના ફકરા ક્રમાં ૮ તથા ૯ ની જોગવાઈઓ પ્રમાણે મુકત પ્રતિકો પૈકી એક પ્રતિક ફાળવવાનું રહેશે.

(ક) રાષ્ટ્રીય પક્ષે ઉભા રાખેલ ઉમેદવાર અથવા

(ખ) રાજ્ય કક્ષાના પક્ષે ઉભા રાખેલ ઉમેદવાર અથવા

(ગ) ફકરા ક્રમાંક : ૬ ક અથવા ૧૧ મુજબના ઉમેદવાર]

૮. મુકત પ્રતિક માટે એક જ ઉમેદવારે માંગણી કરી હોય તો તેવું મુકત પ્રતિક તે ઉમેદવારને ફાળવવાનું રહેશે.

---

[1]. સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-પફઅ-૯૯, તા.૩૦-૧૨-૯૯થી મૂળ ફકરો રદ કરી તેના સ્થાને આ ફકરો મુક્યો છે.

[2]. સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા.૩૧-૩-૨૦૦૧ થી ઉમેરેલ છે.

[3]. સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા.૩૧-૩-૨૦૦૧થી ઉમેરેલ છે.

૯. એક જ મુક્ત પ્રતિક માટે એક કરતાં વધુ ઉમેદવારે માંગણી કરી હોય તો તે માટે નીચે જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરી ફાળવણી કરવાની રહેશે.

(૧) એક જ મુક્ત પ્રતિક માટે માંગણી કરનારા ઉમેદવારો પૈકી માન્યતા પ્રા ન કરેલ કોઈ રાજકીય પક્ષના ઉમેદવાર હોય અને બીજા ઉમેદવારો અપક્ષ હોય તો આવું મુકત પ્રતિક માન્યતા પ્રા નથી તેવા રાજકીય પક્ષના ઉમેદવારને ફાળવવાનું રહેશે.

(૨) જો ઉમેદવારો પૈકી બે કે તેથી વધુ ઉમેદવારો માન્યતા પ્રા નહી તેવા જુદા જુદા પક્ષો તરફથી ઉભા રખાયા હોય અને બાકીના ઉમેદવારો અપક્ષ હોય તો માન્યતા પ્રા નથી તેવા જુદા જુદા પક્ષના ઉમેદવારો વચ્ચે લૉટથી પ્રતિકની ફાળવણી કરવાની રહેશે અને લૉટમાં જે ઉમેદવારના ભાગે આ પ્રતિક આવે તેમને આવું મુકત પ્રતિક ફાળવવાનું રહેશે અન્યને ફાળવી શકાશે નહી.

(૩) માન્યતા પ્રા નથી તેવા રાજકીય પક્ષોના ઉમેદવારો પૈકી જો કોઈ ઉમેદવાર ચૂંટણી પહેલાંના ગૃહમાં સભ્ય હોય તો તેઓને તેમના ઉમેદવારી પત્રમાં માંગેલું પ્રતિક ફાળવવાનું રહેશે, ગત ચૂંટણી વખતે ઉમેદવાર એ પ્રતિક પર ચૂંટણી લડ્યા હતા કે કેમ તે પરિબળ આ હેતુ સારૂં વિચારણામાં લેવાનું નથી.

(૪) એક જ મુકત પ્રતિકની માંગણી કરતા વધુ ઉમેદવારો હોય અને આવા બધા જ ઉમેદવારો અપક્ષ હોય અને તે પૈકી એક અપક્ષ ઉમેદવાર અગાઉની ચૂંટણી વખતે તે પ્રતિક પર ચૂંટણી લડ્યા હોય તો તેવા ઉમેદવારને આવું મુકત પ્રતિક ફાળવવાનું રહેશે.

(૫) બધા જ અપક્ષ ઉમેદવારો ગત ચૂંટણી વખતે ચૂંટાયા ન હોય અને એક જ મુકત પ્રતિકની માંગણી કરતાં હોય તો તેઓ વચ્ચે લૉટથી પ્રતિકની ફાળવણી કરવાની રહેશે અને લૉટમાં જેના ભાગે તે મુકત પ્રતિક આવે તે ઉમેદવારને ફાળવવાનું રહેશે. અન્યને ફાળવી શકાશે નહી.

[1][૧૦(૧) ભારત સરકારના ચુંટણી પંચ તરફથી ચુંટણી પ્રતિકો (અનામત રાખવા અને ફાળવવા બાબત) આદેશ ૧૯૬૮થી રજીસ્ટર્ડ પરંતુ માન્યતા નહીં ધરાવતા રાજ્ય કક્ષાના નકકી થયેલ રાજકીય પક્ષો પૈકી ગુજરાત રાજ્ય માટેના રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રા નહી ધરાવતા રાજ્ય કક્ષાના પક્ષોની યાદી સરનામા સાથે પરિશિષ્ટ નં.૨ મુજબ છે.

૧૦(૨) રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રા નહી તેવા પક્ષના ઉમેદવારો માટે કોઈ પ્રતિકો અનામત રખાયેલ ન હોઈ આ પક્ષોના ઉમેદવારોને અપક્ષ ઉમેદવાર તરીકે ગણી મુકત પ્રતિકોમાંથી પ્રતિકની ફાળવણી કરવાની રહે છે.

રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રા નહીં તેવા પક્ષના ઉમેદવારોને અપક્ષ ઉમેદવારોની તુલનામાં મુકત પ્રતિક ફાળવવા કેટલીક સવલત મળે છે.

રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પા નહી તેવા રાજકીય પક્ષના ઉમેદવારોને માન્ય રાજકીય પક્ષોના ઉમેદવાર માટે અનામત રખાયેલ પ્રતિકો પૈકી કોઈ પ્રતિક ફાળવી શકાશે નહી.

રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પા નહી તેવા પક્ષના ઉમેદવાર કોઈ એક મુક્ત પ્રતિક માટે પ્રથમ પસંદગી ધરાવતા હોય અને અન્ય અપક્ષ ઉમેદવાર પણ તે જ મુક્ત પ્રતિક માટે પસંદગી દર્શાવતા હોય તો તે મુક્ત પ્રતિક રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પા નહી તેવા પક્ષના ઉમેદવારને ફાળવવાનું છે. અપક્ષ ઉમેદવારને તેવું પ્રતિક ફાળવવામાં આવશે નહી.

જો એક કરતાં વધુ ઉમેદવારોએ એક જ મુક્ત પ્રતિક માટે પ્રથમ પસંદગી દર્શાવી હોય અને આવા ઉમેદવાર પૈકી બે કે તેથી વધુ જુદા જુદા રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રા મહી તેવા રાજકીય પક્ષ તરફથી ઉભા રાખવામાં આવ્યા હોય તો તેવા મુક્ત પ્રતિક માટે આવા રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રા નહી તેવા રાજકીય પક્ષોના ઉમેદવારો વચ્ચે લૉટ ખેચી લૉટથી જે ઉમેદવારને આવું મુક્ત પ્રતિક મળે તે ઉમેદવારને પ્રતિક ફાળવવાનું છે.

[1]. સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-પફઅ-૯૯, તા.૩૦-૧૨-૯૯ થી મૂળ ફકરો રદ કરી તેના સ્થાને આ ફકરો મૂક્યો છે.

INDEX

બે કે તેથી વધુ રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રા નહી તેવા જુદાજુદા રાજકીય પક્ષોના ઉમેદવારોએ જો એક મુક્ત પ્રતિક માટે માંગણી કરી હોય અને આવા ઉમેદવાર પૈકી કોઇ એક ઉમેદવાર અગાઉની જિલ્લા/તાલુકા/ગામ પંચાયતના સભ્ય તરીકે ચુંટાયા હોય તો તેવા ઉમેદવારને મુક્ત પ્રતિક અગ્રતાના ધોરણે ફાળવવામાં આવશે. અર્થાત આવા કિસ્સામાં બે કે તેથી વધુ રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રા નહીં તેવા રાજકીય પક્ષોના ઉમેદવાર વચ્ચે લોટ ખેંચવાની આવશ્યકતા રહેશે નહી. પછી તે ઉમેદવાર ભલે અગાઉની ચુંટણીમાં તે મુક્ત પ્રતિક ઉપર ચુંટાયા હોય કે ન હોય, અર્થાત તેઓ તે ચુંટણીમાં રજીસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત નહી તેવા રાજકીય પક્ષના ઉમેદવાર છે તે કારણે તેઓને પસંદગીની અગ્રતા મળે છે.

૧૦(૩) ભારત સરકારના કેન્દ્રીય ચુંટણી પંચ દ્વારા ચુંટણી પ્રતિકો (અનામત રાખવા અને ફાળવવા બાબત) આદેશ ૧૯૬૮ હેઠળ જે તે સમયે અન્ય રાજ્યોમાં રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રા પરંતુ ગુજરાત રાજ્ય માટે માન્યતા પ્રા ન હોય તેવા રાજકીય પક્ષોને [૧][ ] ફકરા-૧૧ની શરતોને આધીન પ્રતિક ફાળવવાનું નક્કી કરવામાં આવે છે.]

[૧][૧૧. અન્ય રાજ્યમાં રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા મેળવેલ રાજ્ય કક્ષાના પક્ષોના ઉમેદવારો માટે પ્રતિક અનામત રાખવા તથા ફાળવવા બાબત.

ભારત સરકારના કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી પ્રતિકો (અનામત રાખવા અને ફાળવવા બાબતના) આદેશ-૧૯૬૮ હેઠળ તત્સમયે અન્ય રાજ્યોમાં રાજ્ય કક્ષાના પક્ષ તરીકે માન્યતા પ્રા પરંતુ ગુજરાત રાજ્યમાં માન્યતા પ્રા ન હોય તેવા પક્ષના ઉમેદવારો સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની સામાન્ય/મધ્યસ્થ/પેટા ચૂંટણીમાં બીજા રાજ્યમાં તે પક્ષ માટે ભારતના ચૂંટણી પંચે અનામત રાખેલ પ્રતિકની માંગણી કરે ત્યારે ગુજરાત રાજ્યમાં આવા માન્યતા પ્રા નથી તેવા રાજ્ય કક્ષાના પક્ષના ઉમેદવારોને નીચે જણાવેલ તમામ શરતો સંતોષાતી હશે તો તેવા ઉમેદવારોને અન્ય રાજ્યમાં તે પક્ષ માટે અનામત રાખેલ પ્રતિકની ફાળવણી કરી શકાશે અને આવા અન્ય રાજ્ય માટે માન્યતા પ્રા પક્ષ માટે અનામત રાખેલ પ્રતિક કોઈ અન્ય ઉમેદવારને ફાળવણી કરી શકાશે નહી તેવું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

(અ) રાજ્ય ચૂંટણી પંચ તરફથી ચૂંટણીની તારીખ નક્કી કરતી જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખ પછીના ત્રણ દિવસની અંદર અન્ય રાજ્યમાં માન્યતા પ્રા રાજ્ય કક્ષાના પક્ષ તરફથી તેના માટે અનામત રાખેલ પ્રતિકની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચને અરજી કરવામાં આવી હોય.

(બ) અનામત રાખેલ પ્રતિકનો બ્લોક ઉપલબ્ધ ન હોય ત્યારે બ્લોક તૈયાર કરવા માટે પૂરતો સમય હોય.

(ક) રાજ્ય ચૂંટણી પંચ પાસે અન્ય રાજ્યના માન્યતા પ્રા રાજ્ય કક્ષાના પક્ષે રજુ કરેલ માંગણી ચૂંટણી અધિકારીને ઉમેદવારી પાછી ખેંચી લેવાના છેલ્લા દિવસે અથવા તેના અગાઉ પહોંચતી કરવા માટે પૂરતો સમય હોય.

(ડ) આવા પ્રતિકની ફાળવણી કરવા માટેની માંગણી અરજી નામંજુર કરવા માટે પૂરતાં કારણો નથી તેવો રાજ્ય ચૂંટણી પંચનો અભિપ્રાય હોય.]

[૨] [૧૨. ઉમેદવારના રાજકીય પક્ષે ઉભા રાખેલ ઉમેદવાર ગણાવવાની પાત્રતા માટે તેમજ તેમના ઉમેદવારીપત્રોની ચકાસણી સંબંધે રાજ્ય ચૂંટણી પંચ નીચે પ્રમાણેની બાબતો નક્કી કરે છે.

૧. [૪][ ] ફકરા નંબર ૪ ની શરત નંબર (૩) મુજબ પક્ષના ઉમેદવાર ઉભા રાખવા માટે પક્ષના પ્રમુખ, મંત્રી કે અન્ય હોદ્દેદારને અધિકૃત કરતા મહાનુભાવનું નામ તથા સહીના વલણ, ચૂંટણી અધિકારી અને સચિવ, રાજ્ય ચૂંટણી પંચને [૩][ ] નક્કી કર્યા પ્રમાણેના નમુના-કમાં જાણ કરવાની રહેશે. નમૂનો-ક પેન/શાહીથી સહી કરેલો હોવો જોઈશે. સહીના રબ્બર સિક્કા મારેલો કે ફેકસથી મોકલેલો નમૂનો-ક સ્વીકારવામાં આવશે નહી.

---

૧. સુધારા આદેશ ક્રમાંક :-રાચપ-ચટણ-પફઅ-૯૯, તા. ૧૬-૪-૯૯થી મૂળ ફકરો રદ કરી તેના સ્થાને આ ફકરો મૂક્યો છે.

૨. સુધારા આદેશ ક્રમાંક :-રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૦, તા. ૪-૯-૨૦૦૦ થી ઉમેરેલ છે.

3. સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-પચત-પફઅ-૨૦૦૧, તા.૩૧-૩-૨૦૦૧થી શબ્દો રદ કર્યા છે.

૪. સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ-પચત-પફઅ-૨૦૦૧, તા.૩-૯-૨૦૦૧થી શબ્દો રદ કર્યા છે.

૨. [૨][ ] ફકરા નંબર ૪ ની શરત નંબર (૨) મુજબ બેઠક માટે પક્ષના કોણ માન્ય ઉમેદવાર અને કોણ ડમી ઉમેદવાર, જો હોય તો, છે તેની ચૂંટણી અધિકારી અને સચિવ, રાજ્ય ચૂંટણી પંચને [૧][ ] નક્કી કર્યા પ્રમાણે નમૂના-ખમાં જાણ કરવાની રહેશે. નમૂનો-ખ પેન/શાહીથી સહી કરેલો હોવો જોઈશે. સહીના રબ્બર સિક્કા મારેલો કે ફેકસથી મોકલેલો નમૂનો-ખ સ્વીકારવામાં આવશે નહીં.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગરના સંદર્ભ-૪ના પત્રથી લાલપુર તાલુકાની ગ્રામ પંચાયતોની ખાલી બેઠકોની માહિતી લાલપુર તાલુકા પંચાયત તરફથી મોકલવામાં આવેલ તેમાં નાના ખડબા ગ્રામ પંચાયતની વોર્ડ નં. ૭ની બેઠક ખાલી દર્શાવવામાં આવતા તેની પેટા ચૂંટણી યોજવા માટે માહિતી મોકલવામાં આવેલ, પરંતુ તાલુકા વિકાસ અધિકારીશ્રી, લાલપુરના તા. ૨૨-૯-૨૦૦૯ના પત્રથી ખરેખર વોર્ડ નં. ૫ ની જગ્યા ખાલી છે જયારે નાના ખડબા ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૭ની બેઠક

INDEX

ખાલી નહી હોવાનું અને આ બેઠક ઉપર ચૂંટાયેલ સત્ય ચાલુ હોય તેઓ દ્વારા શરત ચૂકથી વોર્ડ નં. ૫ ના બદલે વોર્ડ નં. ૭ની બેઠક ખાલી હોવાની માહિતી મોકલવામાં આવેલ. જેથી અત્રે ના સંદર્ભ-૩ના જાહેરનામા પૈકી ફકત નાના ખડબા ગ્રામ પંચાયતની વોર્ડ નં. ૭ની પેટા ચૂંટણી યોજવા પુરતુ જાહેરનામું રદ કરવા દરખાસ્ત થઇ આવેલ છે.

ઉપરની વિગતે લાલપુર તાલુકાની નાના ખડબા ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૭ની બેઠક ખાલી ન હોય તેની પેટા ચૂંટણી યોજવાની રહેતી નથી. સબબ આ કચેરીના તા. ૧૯-૯-૨૦૦૯ ના જાહેરનામામાં લાલપુર તાલુકાની પેટા ચૂંટણી યોજવા અંગેના જાહેરનામા પૈકી ફકત નાના ખડબા ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૭ની પેટા ચૂંટણી યોજવા માટેની તારીખ નક્કી કરતું જાહેરનામું તથા તબક્કાવાર કાર્યક્રમ જાહેર કરવા અંગેનું જાહેરનામું આથી રદ કરવા આદેશ કરવામાં આવે છે.

(સહી) અવાચ્ય,
રાજ્ય ચુંટણી પંચના અધિકારી
અને
કલેક્ટર જામનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 283 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] WEDNESDAY, OCTOBER 7, 2009/ASVINA 15, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

StatutoryRules and Orders (Other than those published in Part I, I-Aand I-L) madeby Statutary Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipallties, the Commissioner of Police, the Director of Probhition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

કલેક્ટર, ભાવનગર જિલ્લો અને

રાજ્ય ચુંટણી પંચના અધિકારીશ્રીની કચેરી, મોતીબાગ, ભાવનગર.

તારીખ : ૧લી ઓક્ટોબર, ૨૦૦૯.

વિષય : ગ્રામ પંચાયતની ચુંટણી વિજાણું મતદાન યંત્રોથી યોજવા અંગે.

સંદર્ભ : રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગરના તા. ૨-૭-૦૮ના પત્ર નં. : રાચપ-ચટણ-ગ્રા. પં.-ઈવીએમ--૭૨૦૦૮-ક.

આદેશ :

નં. : ઈએલસી-ગપચ-ઈવીએમ-૦૯ .- ગુજરાત પંચાયત ચુંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૨૨ના પેટા નિયમ-૧(ક) તથા ભારતના બંધારણના અનુચ્છેદ-૨૪૩-ડ હેઠળ કલેક્ટર, ભાવનગર જિલ્લો-ભાવનગર અને રાજ્ય ચુંટણી પંચના અધિકારી તરીકે મળેલ સત્તાની રૂઈએ નીચેની ગ્રામ પંચાયતની સામે દર્શાવેલ સરપંચ કે વોર્ડ સભ્યની પેટા/મધ્યસત્ર ચુંટણીના મતો નિયમોના ભાગ-૬ ક ની જોગવાઈઓ અનુસાર રાજ્ય ચુંટણી પંચ દ્વારા નક્કી કરેલ ભારત ઈલેકટ્રોનીક્સ લી. બેંગલોર દ્વારા ઉત્પાદીત થયેલ મોડેલ નં. માર્ક-૪ મુજબના મતદાન યંત્રોથી નોંધવા તથા ભાગ-૭ ક ની જોગવાઈઓ અનુસાર તેવા યંત્રોમાં નોંધાયેલ મતોની ગણતરી કરવા આથી નક્કી કરે છે.

ક્રમ	તાલુકાનું નામ	ગ્રામ પંચાયતનું નામ	ચુંટણીની વિગત	ચુંટણીનો પ્રકાર
૧	મહુવા	૧. રાણીવાડા	સરપંચશ્રી	પેટા
		૨. ગળતર	સરપંચશ્રી	પેટા
		૩. નૈઈપ	વોર્ડ-૧	પેટા
૨	તળાજા	૧. ભારોલી	વોર્ડ-૨	પેટા
૩	બોટાદ	૧. કેરીયા	સરપંચશ્રી	પેટા
		૨. રંગપર	સરપંચશ્રી	પેટા
૪.	પાલીતાણા	૧. ઘેટી	સરપંચશ્રી	પેટા
		૨. મોટી રાજસ્થળી	સરપંચશ્રી	પેટા

INDEX

ક્રમ	તાલુકાનું નામ	ગ્રામ પંચાયતનું નામ	ચુંટણીની વિગત	ચુંટણીનો પ્રકાર
૫.	વલ્લભીપુર	૧. વાવડી	સરપંચશ્રી	પેટા
૬.	શિહોર	૧. રામધરી	સરપંચશ્રી	પેટા
		૨. ભુતીયા	વોર્ડ નં. ૭	પેટા
૭.	ભાવનગર	અકવાડા	સરપંચશ્રી	મધ્યસત્ર
			વોર્ડ-૧	
			વોર્ડ-૨	
			વોર્ડ-૩	
			વોર્ડ-૪	
			વોર્ડ-૫	
			વોર્ડ-૬	
			વોર્ડ-૭	
			વોર્ડ-૮	
			વોર્ડ-૯	
			વોર્ડ-૧૦	
			વોર્ડ-૧૧	
			વોર્ડ-૧૨	
			વોર્ડ-૧૩	

પ્રદીપ શાહ,
કલેક્ટર, ભાવનગર જિલ્લો અને
રાજ્ય ચુંટણી પંચના અધિકારી.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 284 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LJ MONDAY, OCTOBER 12, 2009/ASVINA 20, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કચેરી,

રાવપુરા, વડોદરા, પમી ઓક્ટોબર, ૨૦૦૯.

વાંચ્યા :

૧. રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : એસઈસી/ઈએલસી/ડીએલપી/વીપી/૯૫ તા. ૧૯/૪/૧૯૯૫.

૨. રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : એસઈસી/ડીટીપી/ઈવીએમ/૨૦૦૩(૧) તા. ૨૪/૩/૨૦૦૩.

૩. રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ચટણ-૧૦૫૨-૭૨૦૦૯ તા. ૨૩-૭-૨૦૦૯

૪. અત્રેના ચૂંટણી અંગેના જાહેરનામા ક્રમાંક : ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામુ/કરજણ/૨૦૦૯ તા. ૧૯-૯-૨૦૦૯

૫. અત્રેના ચૂંટણી અંગેના જાહેરનામા ક્રમાંક : ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામુ/ડભોઈ/૨૦૦૯ તા. ૨૯-૯-૨૦૦૯

૬. અત્રેના ચૂંટણી અંગેના જાહેરનામા ક્રમાંક : ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામુ/સંખેડા/૨૦૦૯ તા. ૨૯-૯-૨૦૦૯

૭. અત્રેના ચૂંટણી અંગેના જાહેરનામા ક્રમાંક : ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામુ/શિનોર/૨૦૦૯ તા. ૨૯-૯-૨૦૦૯

૮. અત્રેના ચૂંટણી અંગેના જાહેરનામા ક્રમાંક : ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામુ/જેતપુર પાવી/૨૦૦૯ તા.૨૯-૯-૨૦૦૯

૯. અત્રેના ચૂંટણી અંગેના જાહેરનામા ક્રમાંક : ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામુ/વડોદરા ગ્રામ્ય/૨૦૦૯ તા. ૨૯-૯-૨૦૦૯

૧૦. અત્રેના ચૂંટણી અંગેના જાહેરનામા ક્રમાંક : ગ્રા.પં./ચૂંટણી/જાહેરનામુ/વડોદરા શહેર/૨૦૦૯ તા. ૨૯-૯-૨૦૦૯

૧૧. રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : ચટણ/ટીડીપી/જન-૫/ડીએલએમ/૯૨૦૦૭ તા. ૧૮/૯/૨૦૦૭

INDEX

: આદેશ :

ક્રમાંક : રાચપ-ચૂંટણી–ગપ-વમય-વશી-૩૫૨૭ થી ૩૫૪૪-૨૦૦૯.- રાજ્ય ચૂંટણી, ગાંધીનગરના વંચાણ-૧ ના આદેશથી ગ્રામ પંચાયતોની ચૂંટણીને લગતી તમામ કામગીરી જિલ્લા કલેક્ટરશ્રીને રાજ્ય ચૂંટણી પંચના અધિકારી તરીકે અધિકાર સુપ્રત કરેલ છે.

રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરના ઉક્ત વંચાણ-૧ જાહેરનામાથી ગુજરાત પંચાયત ચુંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૨૨ ના પેટા નિયમ (૧૬) માં સુધારો કરેલ છે જે મુજબ પંચાયતની ચૂંટણીમાં વિજાણું યંત્રનો ઉપયોગ કરવા વંચાણ-૨ થી આદેશ કરવામાં આવે છે.

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના ઉક્ત વંચાણ-૩ ના પત્રથી ગ્રામ પંચાયત ચૂંટણીમાં વિજાણુ મતદાન યંત્રનો ઉપયોગ કરવા જણાવેલ છે જે મુજબ હવે પછીની ગ્રામ પંચાયત ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી પંચ તરફથી ફાળવવામાં આવેલ મોડલ માર્ક-૪ ના વિજાણું યંત્ર દ્વારા મત. નોંધવા તથા તેમાં નોંધાયેલ મતોની ગણતરી કરવા વંચાણ-૧૧ થી આપેલ અધિકારની રૂએ આદેશ કરવામાં આવે છે તથા વંચાણ-૪ થી ૧૦ ના જાહેરનામા અન્વયેની ગ્રામ પંચાયત માટે તા. ૧૧-૧૦-૨૦૦૯ નાં રોજ યોજાનાર મતદાનં માટે વિજાણું મતદાન યંત્રોથી મત નોંધવા તથા ભાગ-કની જોગવાઈઓ અનુસાર તેવા યંત્રોમાં નોંધાયેલ મતોની ગણતરી કરવા આથી રાજ્ય ચૂંટણી પંચના અધિકારી તરીકે નક્કી કરે છે.

અ.નં.	તાલુકાનું નામ	ગ્રામ પંચાયતનું નામ	સરપંચ/સભ્ય	ચૂંટણીનો પ્રકાર
૧	કરજણ	વિરજઈ	વોર્ડ નં. ૪	પેટા ચૂંટણી
૨	ડભોઈ	માવલી	વોર્ડ નં. ૬	પેટા ચૂંટણી
૩	સંખેડા	અલીખેરવા જુથ	વોર્ડ નં. ૧૦	પેટા ચૂંટણી
૪	શિનોર	શિનોર	વોર્ડ નં. ૩	પેટા ચૂંટણી
૫	જેતપુર પાવી	કદવાલ	સરપંચ	પેટા ચૂંટણી
	જેતપુર પાવી	કદવાલ	વોર્ડ નં. ૩	પેટા ચૂંટણી
૬	વડોદરા ગ્રામ્ય	રણોલી	વોર્ડ નં. ૨	પેટા ચૂંટણી
	વડોદરા ગ્રામ્ય	ભાયલી	વોર્ડ નં. ૧૬	પેટા ચૂંટણી
૭	વડોદરા શહેર	સયાજીપુરા	વોર્ડ નં. ૩	પેટા ચૂંટણી

વિજય નેહરા,
રાજ્ય ચૂંટણી પંચના અધિકારી
અને
કલેક્ટર વડોદરા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 285 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI TUESDAY, OCTOBER 13, 2009/ASVINA 21, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION

Notification

Ashram Road, Ahmedabad, 3rd October, 2009.

GERC/OMB/T-II/1512/2009.— In exercise of the powers conferred under sub-section (6) of section 42 of the Electricity Act, 2003 (36 of 2003) and in pursuance of section 3 of the Gujarat Electricity Regulatory Commission (Establishment of Ombudsman) Regulations, 2004 (Notification No. 3 of 2004), the Commission hereby designate Shri Sanjay Nandan, I.A.S., Secretary, Gujarat Electricity Regulatory Commission as the Ombudsman for the purpose of the Act and the relevant regulations, till regular appointment of an Ombudsman is made.

By order and in the name of Gujarat Electricity Regulatory Commission,

M. N. KHALIYANI,
Deputy Director, (Adm. & Accts.)
GERC, Ahmedabad.

Government Central Press, Gandhinagar.

INDEX

Extra No. 286 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] WEDNESDAY, OCTOBER 21, 2009/ASVINA 29, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય,

બ્લોક નં. ૯, ૯મો માળ, સરદાર પટેલ ભવન,

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૯.

ક્રમાંક : રાચપ-ચટણ-ટીડીપી-૭(૨) ૧૦૨૦૦૯-ક

વિષય : -ગ્રામ પંચાયતોના વોર્ડ અને તાલુકા/જિલ્લા પંચાયતોના પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરવા બાબત

પ્રસ્તાવના :-

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડની જોગવાઈ મુજબ પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ રાખવાનું તથા તેના સંચાલનની કામગીરી રાજ્ય ચૂંટણી પંચમાં વિહિત થયેલ છે.

વસતી ગણતરીના આંકડાઓ પ્રસિધ્ધ થયા બાદ તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વિભાજન હદમાં ફેરફાર, પ્રકારમાં ફેરફાર જેવી બાબતોની પંચાયતોના વોર્ડ/મતદાર મંડળોની રચના કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ગ્રામ પંચાયતોના વોર્ડ અને તાલુકા/જિલ્લા પંચાયતના મતદાર મંડળોની રચના કરવાના પ્રસંગે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સમયાંતરે પરિપત્રોથી જરૂરી સૂચનાઓ આપવામાં આવે છે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૧૬(૧) મુજબ ગ્રામ પંચાયતના સંબંધમાં નિર્દિષ્ટ કરેલ સભ્યોની કુલ સંખ્યા જેટલા એક સભ્યવાળા વોર્ડોમાં રાજ્ય ચૂંટણી પંચ એવી રીતે વિભાજન કરશે કે બને ત્યાં સુધી તમામ વોર્ડોની વસતી સરખી જ રહે તેવી જોગવાઈ છે.

પંચાયત વિભાગના તા. ૨૬-૭-૯૪ તથા ૭-૯-૯૪ના જાહેરનામાથી તેમજ રાજ્ય ચૂંટણી પંચના તા. ૧૩-૩-૧૯૯૫ અને તા. ૧૯-૪-૧૯૯૫ના આદેશથી ગ્રામ પંચાયતોની ચૂંટણીલક્ષી તમામ કામગીરી કરવાના અધિકાર કલેકટરશ્રીઓને સુપ્રત કરેલ છે.

INDEX

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૧૬(૨) અને ૧૬(૩) મુજબ અનુક્રમે તાલુકા અને જિલ્લા પંચાયતના સંબંધમાં નિર્દિષ્ટ કરેલ સભ્યોની કુલ સંખ્યા જેટલા સભ્યવાળા પ્રાદેશિક મતદાર મંડળોમાં રાજ્ય ચૂંટણી પંચ એવી રીતે વિભાજીત કરશે કે બને ત્યાં સુધી બધા પ્રાદેશિક મતદારો મંડળોની વસતી સરખી જ રહે, તેવી જોગવાઈ છે.

આમ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૧૬માં ગ્રામ/તાલુકા અને જિલ્લા પંચાયતના વોર્ડ/મતદાર મંડળોમાં વસતીનું ધોરણ બને ત્યાં સુધી સરખું રહે એવી જોગવાઈ કરેલ છે. પરંતુ કોઈપણ કારણસર તેમાં વધ-ઘટ કરવાની અનિવાર્યતા ઉભી થાય તો કેટલા પ્રમાણમાં વધ-ઘટ કરી શકાય તે અંગેની પંચાયતના કાયદા/નિયમોમાં કોઈ જોગવાઈ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ના નિયમ-૨ તથા નગરપાલિકામાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણીના નિયમો - ૧૯૯૪ના નિયમ-૨ની જોગવાઈ મુજબ વોર્ડોની રચના એવી રીતે કરવી જોઈએ કે તમામ વોર્ડોની વસતી શક્ય હોય તેટલે સુધી સમાન રહે. ખાસ કરીને વોર્ડોની વસતીનો તફાવત શહેર/નગરપાલિકાની એકંદર વસતીના દસ ટકા કરતાં વધુ હોવો જોઈએ નહિ. પરંતુ રાજ્ય ચૂંટણી પંચને એવી ખાતરી થાય કે સમરૂપતા અથવા ભૌગોલિક નિકટતા જાળવવા માટે ઉપરની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતીના વોર્ડ રચવાનું જરૂરી છે તેમ કરી શકશે.

તદઉપરાંત મહાનગરપાલિકા/નગરપાલિકાના વોર્ડ સીમાંકનના નિયમ-૮માં મહાનગરપાલિકા/નગરપાલિકાના કિસ્સામાં રાજ્ય ચૂંટણી પંચ વોર્ડોનું સૂચિત સીમાંકન અને તે વોર્ડમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણીનું આખરી સ્વરૂપ આપતાં પહેલાં લોકો પાસેથી તે અંગેના સૂચનો મંગાવશે અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ના હેતુઓ માટે માન્ય કરેલ રાજકીય પક્ષ સાથે વિચાર વિનિમય કરશે તેવી જોગવાઈ છે.

પરંતુ પંચાયત કાયદા/નિયમોમાં આવી કોઈ સ્પષ્ટ જોગવાઈ ન હોવાના લીધે અત્યાર સુધી રાજ્ય ચૂંટણી પંચે પોતાનામાં વિહિત થયેલ સત્તાના અનુસંધાને ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતના વોર્ડ/મતદાર મંડળોની રચના કરતી વખતે એકંદર વસતીમાં અનુક્રમે ૧૦ ટકા, ૧૫ ટકા અને ૨૦ ટકા સુધીની વધ-ઘટ કરવા માટે તેમજ અન્ય પ્રકીર્ણ બાબતો અંગે સૂચનાઓ આપેલ હતી. પરંતુ તેવી સૂચનાઓ સમય સમય પરના પરિપત્રો વડે જ કરવામાં આવેલી હતી.

પંચાયતોનો વિસ્તાર શહેર/નગરપાલિકાના વિસ્તાર જેવો એક જથ્થે આવેલો હોતો નથી. ગામો દૂર આવેલા હોય છે. કેટલાક ગામો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં હોય છે એટલે પ્રવર્તમાન કાયદાની જોગવાઈ મુજબ વસતી શક્ય હોય ત્યાં સુધી એક સરખી રાખી શકાતી નથી. એટલે પંચાયતોની ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, નદી, રસ્તા વિગેરે પરિબળો તથા રાજ્ય ચૂંટણી પંચને બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડથી મળેલ સત્તાની રૂઈએ પંચાયતોના વોર્ડ/મતદાર મંડળોની રચના કરતી વખતે એકંદર વસતીમાં વધ-ઘટની મર્યાદા રાખવા તેમજ રાજ્ય ચૂંટણી પંચ પ્રાયોગિક અને પસંદગીના ધોરણે જે જે કિસ્સાઓમાં જરૂર જણાય ત્યાં જિલ્લા/તાલુકા પંચાયતોના કિસ્સામાં સૂચિત મતદાર મંડળોની રચનાને આખરી સ્વરૂપ આપતાં પહેલાં પ્રાથમિક મુસદો બહાર પાડી, લોકો પાસેથી તે અંગેના સૂચનો મંગાવશે અને/અથવા જરૂર જણાય ત્યાં લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ના હેતુઓ માટે માન્ય કરેલ રાજકીય પક્ષો સાથે પરામર્શ કરી શકશે તેવા આદેશ કરવાની પંચને જરૂરિયાત જણાયેલ છે.

વધુમાં ગ્રામપંચાયતો/તાલુકા/જિલ્લા પંચાયતોના વોર્ડ/મતદાર મંડળોની રચના કરવા સાથે સંબંધિત જે જે બાબતોમાં પંચાયતના કાયદા અને સંબંધિત નિયમોમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી. તેવી તમામ બાબતોને આવરી લઈ સમય પરના પરિપત્રોના બદલે આદેશ સ્વરૂપે બહાર પાડવાની પંચને જરૂરિયાત જણાય છે. તેમ કરવાથી આ કાર્યવાહીમાં એકસુત્રતા આવશે. અને પંચ આ બાબતમાં જે ચીવટ અને ધારાધોરણો અપનાવવા માટે આગ્રહ રાખે છે. તેનું અચૂક પાલન કરશે તેવું પંચ માને છે.

વસતી ગણતરીના આંકડાઓ પ્રસિધ્ધ થયા બાદ તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વિભાજન, હદમાં ફેરફાર, પ્રકારમાં ફેરફાર જેવી બાબતોથી રાજ્ય સરકારે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૯, ૧૦ અને ૧૧ની જોગવાઈ અનુસાર ગ્રામ/તાલુકા તથા જિલ્લા પંચાયતની કુલ બેઠકો તથા તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકો નિયત કરવાની થાય છે. આ સંદર્ભમાં મતદાર મંડળો/વોર્ડોની રચના અને અનામત બેઠકોની ફાળવણી કાયદા/નિયમોમાં સ્પષ્ટ જોગવાઈ ન હોય તેવી બાબતો અંગે રાજ્ય ચૂંટણી પંચ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ અને ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ તથા તે હેઠળના નિયમોથી મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબ આદેશ કરે છે.

INDEX

આદેશ

જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની રચના અને બેઠક ફાળવણી અંગે

તાલુકા/જિલ્લા પંચાયતોના કુલ મતદાર મંડળોની સંખ્યા (અનામત બેઠકો સહિત) નક્કી કરવા રાજ્ય સરકારે તારીખ : ૨૫-૧૦-૯૪ના જાહેરનામાથી વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને અધિકારો સુપ્રત કરેલ છે, તે અન્વયે વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગર દ્વારા જિલ્લા પંચાયત અને સંબંધિત જિલ્લાની તાલુકા પંચાયતોની અનામત બેઠકો સહિત કુલ બેઠકો નક્કી કરવા અંગેના જાહેરનામાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. વિકાસ કમિશ્નરશ્રીના સદરહુ જાહેરનામાઓ અન્વયે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ કલમ : ૧૬(૨) અને ૧૬(૩) મુજબ તાલુકા પંચાયતો/જિલ્લા પંચાયતોના પ્રાદેશિક મતદાર મંડળોની રચના તથા અનામત બેઠકોની ફાળવણી ચૂંટણી પંચે કરવાની રહે. જેથી તાલુકા/જિલ્લા પંચાયતોના પ્રાદેશિક મતદાર મંડળોની રચના અને અનામત બેઠકોની ફાળવણી કરવા સારૂ સંબંધિત કલેકટરશ્રીઓ તરફથી આ અંગેની દરખાસ્ત રાજ્ય ચૂંટણી પંચને મોકલવાની રહેશે.

જિલ્લા પંચાયતો/તાલુકા પંચાયતોના પ્રાદેશિક મતદાર મંડળોની રચના વસતી ગણતરીના આખરી આંકડાઓ મુજબ કરવાની રહેશે. વસતી ગણતરીના આખરી આંકડાઓ ગામવાર કલેકટરશ્રીઓ પાસે ઉપલબ્ધ થશે. છતાં પંચાયત વિસ્તારના વસતીના ચોકકસ આંકડાઓ ઉપલબ્ધ ન હોય તો જનગણના અધિકારી, ગુજરાત રાજ્ય અમદાવાદની કચેરીમાંથી રૂબરૂ અધિકારી મોકલી મેળવી લેવાના રહેશે. તાલુકા પંચાયતના પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરવામાં આવે ત્યારે ફકત પંચાયત/ગ્રામ્ય વિસ્તારોની વસતીને જ ધ્યાનમાં લેવાની છે. મ્યુનિસિપલ કોર્પોરેશન/નગરપાલિકા/નોટિફાઈડ વિસ્તારની વસતીને ધ્યાનમાં લેવાની નથી. રાજ્ય સરકારના મહેસુલ વિભાગના ઠરાવો/જાહેરનામા પ્રમાણે તાલુકાના કોઈ ગામનો સમાવેશ કરવાનો રહી ન જાય તેની ચકાસણી/ખાત્રી કરી આ સાથેના નમુના પ્રમાણેનું પ્રમાણપત્ર નં.૧ આપવાનું રહેશે.

વસતી ગણતરીના આખરી આંકડાઓને ધ્યાનમાં રાખી તાલુકા/જિલ્લા પંચાયતના પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરવાની દરખાસ્ત તૈયાર કરતી વખતે આ સાથેના પત્રક નં. ૧, પત્રક નં. ૨ માં અનુસૂચિ તથા બે પ્રમાણપત્રો સહિત દરખાસ્ત કરવાની રહેશે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ ૧૬(૨) અને ૧૬(૩) ની જોગવાઈ મુજબ તાલુકા/જિલ્લા પંચાયતના સંબંધમાં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળોની વસતી બને ત્યાં સુધી સરખી જ રહે તેવી જોગવાઈ છે. આ અંગે તાલુકા પંચાયતના મતદાર મંડળોમાં ૧૫ ટકા સુધી અને જિલ્લા પંચાયતના મતદાર મંડળોમાં ૨૦ ટકા સુધી વધ-ઘટ રાજ્ય ચૂંટણી પંચ રાખી શકશે. અલબત્ત રાજ્ય ચૂંટણી પંચને એવી ખાતરી થાય કે સમરૂપતા અથવા ભૌગોલિક નીકટતા જાળવવા ઉપરાંત નદીઓ, રેલ્વે લાઈન, માર્ગો જેવી હદોને શકય હોય તેટલી હદે વળગી રહેવા માટે ઉપરોકત મર્યાદામાં વ્યાજબી કારણો સાથે અંશતઃ બાંધછોડ કરી મતદાર મંડળ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

જો કોઈ કિસ્સામાં અસામાન્ય સંજોગોમાં આ સાથેના પ્રમાણપત્ર નં. ૨ માં દર્શાવ્યા પ્રમાણે તાલુકા પંચાયતના કિસ્સામાં ૧૫ ટકા અને જિલ્લા પંચાયતના કિસ્સામાં ૨૦ ટકાની મર્યાદાથી વધુ વધ કે ઘટ રાખી મતદાર મંડળની રચના કરવાની થતી હોય તો કલેકટરશ્રીએ દરખાસ્ત સાથે જરૂરી કારણો દર્શાવી પ્રમાણપત્ર નં. ૨ રજુ કરવાનું રહેશે. જિલ્લા પંચાયતના મતદાર મંડળને લાગેવળગે છે ત્યાં સુધી તાલુકા પંચાયતના એક કે તેથી વધુ સમગ્ર મતદાર મંડળનો જિલ્લા પંચાયતના મતદાર મંડળમાં સમાવેશ થાય તેવું અપેક્ષિત છે.

ગુજરાત તાલુકા / જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠક વારાફરતી ફાળવવા અંગે) ના નિયમો ૧૯૯૪ના નિયમ-૩ અન્વયે તાલુકા અને જિલ્લા પંચાયતોના મતદાર મંડળમાં જો એક કરતાં વધુ ગામનો સમાવેશ થતો હોય તો સમાવિષ્ટ થયેલા ગામો પૈકી જે ગામમાં સૌથી વધુ વસતી હોય તે ગામના નામ પરથી મતદાર મંડળનું નામ આપવાનું છે. જ્યારે કોઈ મોટું ગામ એકથી વધારે મતદાર મંડળોમાં વહેંચાયેલું હોય ત્યારે બન્ને મતદાર મંડળોના નામ એ ગામના નામ પરથી આપવામાં આવશે. પરંતુ પ્રથમ ક્રમે તે ગામના વોર્ડના શરૂઆતના વોર્ડ નંબર અને બીજા ક્રમે તે ગામના બાકી રહેતા વોર્ડ નંબર અને તેમાં સમાવિષ્ટ અન્ય ગામોનો સમાવેશ કરવાનો રહેશે.

મતદાર મંડળના નામો ઉચ્ચારણ મુજબ અંગ્રેજી બારાખડી મુજબ ગોઠવવાના છે. જો એક જ અક્ષર પરથી એકથી વધુ મતદાર મંડળના નામ શરૂ થતાં હોય, ત્યાર પછીના અક્ષરના આવતા ક્રમ મુજબ મંડળને ક્રમ આપવાનો છે. દા. ત. આદરજ અને અડાલજ એમ બે મતદાર મંડળો હોય તો, પ્રથમ ક્રમે અડાલજ (ADALAJ) અને બીજા ક્રમે આદરજ (ADRAJ) આ રીતે અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો ગોઠવી તે મતદાર મંડળને અનુક્રમ નંબર આપવાનો છે. તાલુકા અને જિલ્લા પંચાયતના મતદાર મંડળને આપેલા આ ક્રમ નંબરને સામાન્ય ક્રમ નંબર કહેવામાં આવશે.

INDEX

અનામત બેઠકોની ફાળવણી અંગે રાજ્ય સરકારે નિયમો ઘડયા છે. પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેપી-૨૧૧-૧૯૯૯-ઈએલસી-૧૦૯૪/૪૮-જી, તા. ૮-૯-૧૯૯૪ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ બહાર પાડવામાં આવ્યા છે. તે નિયમો સ્વયંસ્પષ્ટ છે.

અનુસૂચિત જાતિની બેઠકોની ફાળવણી.

વિકાસ કમિશ્નરશ્રીએ નક્કી કરેલી બેઠકો કયા મતદાર મંડળમાં ફાળવવી તે અંગે નિયમ-૪ તથા ૫ માં જોગવાઈ કરવામાં આવી છે. નિયમ-૩ મુજબ જે મતદાર મંડળનો સામાન્ય ક્રમ નક્કી થયો હોય તે પૈકી જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની સેન્સસના પ્રસિધ્ધ થયેલ આંકડા મુજબ બધાજ મતદાર મંડળની અનુસૂચિત જાતિની વસતીના ટકાવારીના ઉતરતા ક્રમામાં ગોઠવવાના છે અને તે રીતે ગોઠવતાં જે મતદાર મંડળ પ્રથમ ક્રમે આવે એટલે કે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની વસતીની સૌથી વધુ ટકાવારી હોય તે મતદાર મંડળને અનુસૂચિત જાતિ (૧) અને બીજા ક્રમે તેને અનુસૂચિત જાતિ (૨) તે પ્રમાણે આપવાના છે. આ રીતે જે ક્રમ અપાય તેને અનુસૂચિત જાતિ માટેનો ખાસ ક્રમાંક કહેવામાં આવશે. આ રીતે જે ક્રમમાં મતદાર મંડળો આવતા હોય અને તાલુકા કે જિલ્લા પંચાયતની રચના માટે અનુસૂચિત જાતિ માટે જેટલી બેઠકો નક્કી થઇ હોય તેટલી સંખ્યામાં તે ક્રમમાં આવતા મતદાર મંડળને બેઠક ફાળવવાની રહેશે. આ રીતે બેઠક ફાળવવામાં પ્રથમ પસંદગી સ્ત્રીને આપવાની છે. અનુસૂચિત જાતિ માટે કુલ નક્કી થયેલ બેઠકો પૈકી ૧/૩ બેઠકો અનુસૂચિત જાતિની સ્ત્રી માટે વિકાસ કમિશ્નરશ્રીએ નક્કી કરેલ સંખ્યા મુજબની બેઠકો જ ફાળવવાની રહેશે.

અનુસૂચિત આદિજાતિની બેઠકોની ફાળવણી.

ઉપર જણાવેલી જોગવાઈ મુજબ મતદાર મંડળોને સેન્સસમાં આખરી પ્રસિધ્ધ થયેલા આંકડા મુજબ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી મુજબ બધાજ મતદાર મંડળોને ઉતરતા ક્રમે ગોઠવવાના છે અને દરેક મતદાર મંડળને અનુસૂચિત આદિજાતિની (૧) અને (૨) તે રીતે ઉતરતા ક્રમાંક આપવાનો છે. આ રીતે આવતો ક્રમાંક તે અનુસૂચિત આદિજાતિ માટેનો ખાસ ક્રમાંક કહેવામાં આવશે. બેઠક ફાળવવામાં જો સ્ત્રી માટે અનામત બેઠકો નક્કી થઇ હોય તો પ્રથમ પસંદગી સ્ત્રીને આપવાની છે. પ્રથમ અનુસૂચિત જાતિ માટે નિયમ-૪ અન્વયે બેઠકો ફાળવ્યા બાદ, નિયમ-૫ ની જોગવાઈને આધીન ખાસ ક્રમાંક મુજબ અનુસૂચિત આદિજાતિ માટે બેઠક ફાળવવાની રહેશે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકોની ફાળવણી.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકોની સંખ્યા વિકાસ કમિશ્નરશ્રીએ નક્કી કરી છે. જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો ફાળવાઇ ગઇ હોય તે સિવાયના મતદાર મંડળોમાં, નિયમ-૬ ની જોગવાઇ અનુસાર મતદાર મંડળના સામાન્ય ક્રમ મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે બેઠકો ફાળવવાની રહેશે, જેમા આ વર્ગની સ્ત્રીને પ્રમથ પસંદગી આપવાની છે.

અન્ય વર્ગ અને બેઠકોની ફાળવણી.

નિયમ-૪, ૫ અને ૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીત પછાતવર્ગની જે તે વર્ગની સ્ત્રી સહિત બેઠકો ફાળવ્યા પછી નિયમ-૭ મુજબ બાકી રહેતા મતદાર મંડળોમાં સામાન્ય ક્રમ મુજબ અન્ય વર્ગના સ્ત્રી માટે જે બેઠકો નક્કી થઇ હોય તે બેઠકો ફાળવવાની છે આવી ફાળવણી પુરી થયા પછી જે મતદાર મંડળો બાકી રહે તેમાં બીન અનામત / સામાન્ય બેઠકો રહેશે.

તાલુકા/ જિલ્લા પંચાયતોના પ્રાદેશિક મતદાર મંડળોની રચનાની દરખાસ્ત સાથે પ્રમાણપત્ર નં. ૧ તથા નં. ૨ તથા અનુસૂચિ અને પ્રાદેશિક મતદાર મંડળોમાં સમાવિષ્ટ ગામો / તાલુકા પંચાયતના મતદાર વિભાગોના સ્થળ સ્થિતિ બતાવતા નકશા તૈયાર કરવાના રહેશે. નકશામાં મતદાર મંડળોના નંબરોના વિસ્તારો અલગ રંગથી દર્શાવવા અને જે તે મતદાર મંડળનો ગામના નામ નીચે તેનો ક્રમ નંબર અને તેની વસતીની સંખ્યા પણ દર્શાવવાની રહેશે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩માં ગુજરાત પંચાયત સુધારા અધિનિયમ-૧૯૯૮ થી અનુસૂચિત વિસ્તારોને લાગુ પડતા સુધારા અધિનિયમની જોગવાઈઓને પણ ધ્યાને રાખવાની રહેશે. તે જ રીતે ગુજરાત પંચાયત અધિનિયમ અને તે હેઠળના નિયમોમાં સમય સમય પર થયેલ સુધારાઓની પણ જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના કરતી વખતે કાળજી લેવાની રહેશે.

INDEX

રાજ્ય ચૂંટણી પંચ અપવાદ સ્વરૂપ અને પસંદગીના ધોરણે જે જે કિસ્સાઓમાં જરૂર જણાય ત્યાં જિલ્લા/તાલુકા પંચાયતોના સૂચિત મતદાર મંડળોની રચનામાં તથા તેમાં સૂચિત રીતે ફાળવણી કરાતી અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સા. શૈ. રીતે પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણીને આખરી સ્વરૂપ આપતા પહેલા પ્રાથમિક મુસદ્દો બહાર પાડી લોકો પાસેથી તે અંગેના વાંધા-સૂચનો મંગાવશે. અને / અથવા જ્યાં જરૂર લાગશે ત્યાં લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૯૫૧ ના હેતુઓ માટે માન્ય કરેલ રાજયકીય પક્ષો સાથે પરામર્શ કરી શકશે.

ગ્રામ પંચાયતોના વોર્ડ સીમાંકન અને બેઠક ફાળવણી અંગે :

ગ્રામ પંચાયતોના વોર્ડ સીમાંકનને લગતી બાબતે નીચે મુજબ આદેશ કરવામાં આવે છે.

વસતી ગણતરીનાં આંકડાઓ પ્રસિધ્ધ થયેલી તેમજ ગ્રામ પંચાયતોનાં વિભાજન, હદમાં ફેરફાર જેવી બાબતોથી ગ્રામ પંચાયતોના વોર્ડ સીમાંકન (અનામત બેઠકો ફાળવણી સહિત) ની કાર્યવાહી અધિકાર પરત્વે કલેકટરશ્રીએ કરવાની રહેશે. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૯(૪) ની જોગવાઈઓ અનુસાકર ગ્રામ પંચાયતોના વોર્ડ તથા તેટલી બેઠકો નક્કી કરવાની રહેશે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૬(૧) ની જોગવાઈ મુજબ ગ્રામ પંચાયતના સંબંધમાં તમામ વોર્ડોની વસતી બને ત્યાં સુધી સરખી જ રહે તેવી જોગવાઈ છે. આ અંગે પંચાયતના વોર્ડોમાં સરેરાશ વસતીના ૧૦ ટાક સુધીની વધ-ઘટ રાજ્ય ચૂંટણી પંચ અથવા તેના વડે સત્તા સુપ્રત કરેલ અધિકારી એટલે કે જે તે જિલ્લા કલેકટરશ્રી રાખી શકશે.

પંચાયત વિભાગના તા. ૨૬-૭-૧૯૯૪ તથા તા. ૭-૯-૧૯૯૪ ના જાહેરનામાઓથી તેમજ રાજ્ય ચૂંટણી પંચના તા. ૧૩-૩-૧૯૯૫ અને તા. ૧૯-૪-૧૯૯૫ ના આદેશથી ગ્રામ પંચાયતોની ચૂંટણીલક્ષી તમામ કામગીરી કરવાના અધિકારો કલેકટરશ્રીઓને સુપ્રત કરેલા છે. જે મુજબ કલેકટરશ્રીઓને ગ્રામ પંચાયતોની બેઠકો નક્કી કરવા તથા વોર્ડ સીમાંકન//બેઠક ફાળવણી કરવાની રહેશે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૫૧ હેઠળ ગ્રામ પંચાયતના સરપંચની બેઠકો નક્કી કરવાની થાય છે. આ કલમની પેટા કલમ (૨) તથા (૩) હેઠળના રાજ્ય સરકારના અધિકારો પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે જાહેરનામાં ક્રમાંક : કેપી-૨૨૩ ઓફ ૧૯૯૪-ડીઇએલ-૧૦૯૪-૧૮૫૦(II)-જે, તા. ૬-૧૦-૯૪ થી કલેકટરશ્રીને સુપ્રત કરેલ છે. ગુજરાત ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ હેઠળના અધિકારો પણ તા. ૬-૧૦-૯૪ના જાહેરનામામથી કલેકટરશ્રીને સુપ્રત થયેલ છે. જે મુજબ જિલ્લાના તમામ તાલુકાની ગ્રામ પંચયતોના સરપંચની બેઠકો નક્કી કરતા આદેશો તાલુકાવાર અલગ અલગ કરવાના રહેશે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩માં ગુજરાત પંચાયત (સુધારા) અધિનિયમ-૧૯૯૮થી સુધારો થયેલ છે તદ્નુસાર અનુસૂચિત વિસ્તારોની ગ્રામ પંચાયતની વોર્ડ બેઠકો તથા સરપંચની બેઠકોની જોગવાઈઓ સુધારેલ છે. આથી આ સુધારાની નજરે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સંયુકત સચિવશ્રીના તા. ૨૩-૧૧-૨૦૦૧ના પત્ર ક્રમાંકઃ પધસ-૨૦૦૧-૨૦૦૨-ગ તથા વિભાગની આ બાબતે અન્ય જે કોઇ સૂચના / પરિપત્રો હોય તે ધ્યાને લઇ અનુસૂચિત વિસ્તારની ગ્રામ પંચાયતોની વોર્ડો તથા સરપંચની બેઠકો નક્કી કરવાની રહેશે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૯(૫) ના પેટા ખંડ (ક) (૧) ની જોગવાઇ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોની સંખ્યા, જે તે ગામની કુલ વસતી અને તે ગામમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની વસતીનું જે પ્રમાણ હશે તે પ્રમાણમાં પંચાયતની બેઠકોની કુલ સંખ્યા પૈકી અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો અનામત રાખવાની રહેશે. આ બેઠકો પૈકી ૧/૩ બેઠકો જે તે વર્ગની સ્ત્રી માટે અનામત રાખવાની રહેશે.

ગુજરાત ગ્રામ પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ના નિયમ-૬ની જોગવાઇ મુજબ જે ગ્રામ પંચાયત વિસ્તારમાં ૫ % થી વધુ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસતી હોય તે ગ્રામ પંચાયતમાં ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૯(૫) (ક) ના પેટા ખંડ (૨) મુજબ ગ્રામ પંચાયતની બેઠકોની સંખ્યાના એક દશાંશ જેટલી બેઠકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રાખવાની છે. કલમ-૯(૫) (ખ) મુજબ કુલ બેઠકોની એક તૃતિયાંશ બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવાની છે. આ બેઠકોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની સ્ત્રીઓ માટે અનામત બેઠકોનો પણ સમાવેશ થાય છે.

સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી અંગે રાજ્ય સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના આદેશ ક્રમાંક :કેપી-૨૨૭-૯૪-ઇએલસી-૧૦૯૪-૩૯૦૩-જી, તા. ૨૦-૧૦-૯૪ થી જોગવાઇ કરેલ છે તે મુજબ સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી કરવાની રહેશે.

INDEX

ગ્રામ પંચાયતોના વોર્ડ રચના આ સાથેના પત્રક ૧ થી ૪ પ્રમાણે ચકાસણી કરી તૈયાર થાય તેમજ નીચેના મુદ્દાઓને ધ્યાને લેવાના રહેશે.

સામાન્ય રીતે ગ્રામનાં દરેક વોર્ડની વસતી એકસરખી રહે તેવુ અપેક્ષિત છે. વસતી ગણતરી મુજબ ગ્રામ પંચાયતની વસતીને ગ્રામ પંચાયત માટે નક્કી કરવામાં આવેલ કુલ વોર્ડોની સંખ્યાથી ભાગતાં જે આંકડો આવે તે વોર્ડ દીઠ સરેરાશ વસતી રહેશે.

સરેરાશ વસતી કરતાં ૧૦ ટકા સુધી વધુ વસતી ધરાવતા કે ૧૦ ટકા સુધી ઓછી વસતી ધરાવતા વોર્ડ જો સ્થાનિક પરિસ્થિતિ મુજબ જરૂરી હોય તો રચી શકાય છે, કારણ કે, સરેરાશ વસતીના આંકડાને વળગી રહીએ તો એક પોળ, મહોલ્લો, માઢવાસ, શેરી, સોસાયટી અને વસતી ગણતરી મુજબના બ્લોકોનું વિભાજન થાય. તેથી ૧૦ ટકા સુધી ઘટ કે વધ રાખી શકાશે.

ગ્રામ પંચાયતના વોર્ડોની રચના કરવા માટે ઉપર જણાવેલ વિગતે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે પહેલા ગ્રામ પંચાયત વિસ્તારની વસતી ગણતરી વખતે તૈયાર કરવામાં આવેલ બ્લોકો, તેના વિસ્તાર, તેના ઘર નંબરની વિગતો તથા વસતી ગણતરીના પ્રાથમિક તબક્કા વખતે તૈયાર કરવામાં આવેલ બ્લોકવાર ઘરોની યાદીઓ ઉપરથી તેમજ ગ્રામ પંચાયતો તરફથી રહેણાંક અને બિન રહેણાંક મિલકતો જેવા કે, ઘરોની વોર્ડવાર, મિલ્કતવેરા, ઘરવેરાની આકારણી કરવામાં આવેલ હોય તો આકારણી પત્રકો ઉપરથી આ સાથેના પત્રક નંબર-૧ મુજબનું બ્લોકવાર, ઘર નંબરોની તથા બ્લોકના વિસ્તારોના ઘર નંબરોની વિગતો સાથેનું પત્રક તૈયાર કરવાનું રહેશે અને તે આધારે એક જ બ્લોકમાં આવેલ લત્તા જેવા કે, શેરી, મહોલ્લા, પોળ, વાસ, માઢ કે સોસાયટીના નામો તથા તેના ઘર નંબરોની વિગત અને તે વિસ્તારમાં રહેતાં લોકો કઇ જાતિના / જ્ઞાતિના છે તે દર્શાવતી વિગત પત્રકના કોલમ નં. ૪ માં દર્શાવવાની રહેશે.

સ્થાનિક સંજોગો જોતાં ઉપર મુજબ ૧૦ ટકા સુધી વધ તથા ઘટની છુટ કરતાં માર્જીનલ વધુ છુટ રાખવાનું જરૂરી જણાય તો તે મુજબ કોઇ એકાદ વોર્ડ રચવા પર પ્રતિબંધ નથી, પરંતુ તે માટે વ્યાજબી કારણો હોવા જોઇએ. જેમ કે, ગામ વચ્ચેથી પસાર થતી રેલ્વેલાઇન, મુખ્ય રોડ કે નદીના સામેના કાંઠે આવેલ વિસ્તાર કે કોટની રાંગને છોડીને બીજો વિસ્તાર એક વોર્ડમાં રાખવાનું દેખીતી રીતે યોગ્ય ન ગણાય. આમ, ગામની ભૌગોલિક પરિસ્થિતિ અને એકજુથતાનો માપદંડ જળવાઇ રહે તેવું પણ અપેક્ષિત છે. આવા કિસ્સામાં ૧૦ ટકાથી માર્જીનલ વધુ વધ કે ઘટ જાળવીને પણ વોર્ડ રચી શકાશે.

ગ્રામ પંચાયત વિસ્તારના વોર્ડોની રચના કરવામાં આવે ત્યારે ઉપરના મુદ્દાઓ ધ્યાને રાખી હાલના વોર્ડો શકય હોય ત્યાં સુધી ચાલુ રાખવા અને સરેરાશ વસતીનું પ્રમાણ જળવાતું ન હોય તો તેવા વોર્ડોના હાલના વિસ્તારમાં ફેરફાર કરવાનો રહેશે. હાલના વોર્ડોના વિસ્તારના લત્તાઓ અને તેના લત્તાઓનાં ઘર નંબરો અનો વોર્ડ રચવામાં આવે તેમાં સમાવિષ્ટ કરેલ વિસ્તારના લત્તાઓ તથા તે લત્તાઓના ઘર નંબરોની વિગતો દર્શાવતું પત્રક નંબર-૨ તૈયાર કરવાનું રહેશે.

ગ્રામ પંચાયતના નવીન વોર્ડમાં સમાવિષ્ટ કરેલ વિસ્તારના લત્તાઓનું વર્ણન તથા તેના ઘર નંબરો અને વોર્ડોની હદ દર્શાવતું વર્ણન પત્રક નંબર-૪ની અનુસૂચિના પત્રકમાં દર્શાવવાનું છે. જેમાં અગત્યના સિમાચિન્હો, ઓળખ ચિન્હો દર્શાવવાના છે. ગ્રામ પંચાયત વિસ્તારના એક જ નકશામાં હાલના તમામ વોર્ડોની હદ તથા નવીન સૂચિત તમામ વોર્ડોની હદ દર્શાવતો સમગ્ર ગામનો સંયુકત નકશો તૈયાર કરવાનો છે. જેમાં સમાવિષ્ટ લત્તાઓ જેવા કે, વાસ, મહોલ્લો, પોળો, પરા, સોસાયટી, નદી, રેલ્વે લાઇન મુખ્ય તથા પેટા રસ્તાઓ વગેરે સ્પષ્ટપણે દર્શાવવાનું છે. વસતી ગણતરી મુજબના બ્લોકના નંબરો શકય હોય ત્યાં સુધી સુચિત વોર્ડના નકશા મુજબ સ્થળે કઇ જગ્યાએ છે તે નકશામાં દર્શાવવાનું રહેશે. વસતીની સંખ્યા દરેક બ્લોકની નીચે નકશામાં દર્શાવવાની રહેશે. નકશામાં હાલના વોર્ડને હદ તથા સુચિત નવીન વોર્ડોની હદ અલગ-અલગ રંગથી દર્શાવવાની છે અને તેની સમજુતી નકશામાં વોર્ડવાર અલગ-અલગ રંગો દર્શાવી દર્શાવવાની છે. ગુજરાત ગ્રામ પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ ના નિયમ-૭ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની અનામત બેઠકોની ફાળવણી કર્યા પછી સા. શૈ. ૫. વર્ગની અનામત બેઠકો સામાન્ય ક્રમાંક પ્રમાણે ખાલી રહેતા વોર્ડોમાં ફાળવવાની રહેશે.

નિયમ-૩ પ્રમાણે ગ્રામ પંચાયતના દરેક વોર્ડને ક્રમાંક આપવાનો છે અને આ ક્રમાંક ભૌગોલિક નજીકપણાંને ધ્યાનમાં લઇને સળંગતામાં આપવાનો છે. એટલે કે વોર્ડ નં. ૫ ને અડીને જ વોર્ડ હોય તેને નંબર ૬ આપવાનો છે. આમ જે ક્રમાંક અપાશે તેને નિયમો અન્વયે સામાન્ય ક્રમાંક કહેવામાં આવશે. ઉપરોકત નિયમોના નિયમ-૪ થી ૯ માં આ આંગે જોગવાઇ કરવામાં આવી છે.

ગ્રામ પંચાયતોની વોર્ડની રચના માટે પત્રક નંબર-૨ મુજબ માહિતી તૈયાર કરવાની રહેશે અને પત્રક નંબર-૨ ના કોલમ-માં વોર્ડની વસતી સરેરાશ વસતી કરતાં કેટલી વધ છે કે કેટલી ઘટ છે તેમ જ આ વધ-ઘટની ટકાવારી કેટલી છે તે દર્શાવવાની રહેશે. તેમજ પત્રક નંબર-૨ ના કોલમ નં. ૯ તથા ૧૧ માં સૂચિત વોર્ડમાં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત

INDEX

આદિજાતિની વસતીના આંકડા દર્શાવવાના છે અને તેની સૂચિત વોર્ડોની વસતી સામે આ સૂચિત વોર્ડમાં અનુસૂચિત જાતિની વસતીની ટકાવારી કેટલી છે તે ટકાવારી દર્શાવવાની રહેશે. એટલે કે કોલમ-૭ સામે કોલમ-૯ તથા કોલમ-૧૦ ની ટકાવારી કેટલી છે તે દર્શાવવાનું રહેશે અને કોલમ નં. ૧૧ તથા ૧૨ માં અનુસૂચિત આદિજાતિની વસતી તથા વોર્ડની વસતી સામે તેની ટકાવારી દર્શાવવાની રહેશે.

પત્રક નં. ૩ તૈયાર કરી તેમાં અનુસૂચિત જાતિની વોર્ડવાર વસતી તથા ટકાવારી ઉતરતા ક્રમમાં અનુસૂચિત આદિજાતિની વોર્ડવાર વસતી તથા ટકાવારી ઉતરતા ક્રમમાં તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિની વોર્ડવાર અંદાજીત વસતી તથા ટકાવારી ઉતરતા ક્રમમાં દર્શાવવાની રહેશે.

પત્રક નંબર-૩ માં કોલમ નં. ૬(૧) થી ૬(૩) તથા ૭ ની વિગતો અનુસૂચિત આદિજાતિની વસતી માટે છે. જેમાં સૂચિત વોર્ડોની અનુસૂચિત આદિજાતિની વસતીની વિગતો દર્શાવવાની છે. અને બધા વોર્ડોની ટકાવારી ઉતરતા ક્રમમાં દર્શાવવાની છે. કોલમ નંબર-૮(૧) થી ૧૦ ની વિગતો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિની વસતી માટે છે. જેમાં પછાત વર્ગની જાતિની વસતીની સંખ્યા તથા પછાતવર્ગની જાતિઓ દર્શાવવાની છે. બધા વોર્ડોની ટકાવારી ઉતરતા ક્રમમાં દર્શાવવાની રહેશે.

ગુજરાત ગ્રામ પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ની જોગવાઇઓ હેઠળ જુદા જુદા વોર્ડોમાં બેઠકોની ફાળવણી નીચે મુજબ કરવાની રહેશે.

ગુજરાત ગ્રામ પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪ના નિયમ-૪ની જોગવાઇ મુજબ દરેક વોર્ડની કુલ વસતી સામે તે વોર્ડમાં અનુસૂચિત જાતિની ટકાવારી કાઢયા પછી અનુસૂચિત જાતિ માટે જેટલી બેઠકો નક્કી કરવામાં આવી હોય તે માટે વોર્ડમાં સૌથી ઉંચી ટકાવારી ધરાવતાં વોર્ડમાં બેઠક ફાળવવાની રહેશે.

જે ગ્રામ પંચાયતમાં બે બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવામાં આવી હોય તો બે વોર્ડમાં અનુસૂચિત જાતિ માટે બેઠકો અનામત રાખવાની રહેશે. નિયમ-૪ના પેટા નિયમ-૩ અન્વયે જે તે વર્ગની સ્ત્રી માટે અગ્રતાના ધોરણે બેઠક ફાળવવાની છે. જેથી સૌથી ઉંચી ટકાવારી ધરાવતાં વોર્ડમાં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક ફાળવવાની રેહશે. જો બે બેઠકના બદલે એક બેઠક અનામત રખાઇ હોય તો તે વોર્ડમાં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવવાની રહેશે.

અનુસૂચિત આદિજાતિની બેઠકો ફાળવવા માટે નિયમ-૫માં જોગવાઇ કરવામાં આવી છે. નિયમ-૪ અને ૫ ની જોગવાઇ એકસરખી જ છે. અર્થાત દરેક વોર્ડમાં વોર્ડની વસતી સામે તે વોર્ડની અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીના ક્રમ મુજબ સૌથી ઉંચી ટકાવારી ધરાવતાં વોર્ડને ખાસ ક્રમાંક-૧ આપવાનો છે, ત્યાર પછી વોર્ડને ખાસ ક્રમાંક-૨ તે રીતે નંબર આપવાનો રહેશે.

નિયમ-૬ અન્વયે જોગવાઇ કરવામાં આવી કે, સામાજિક અને શૈક્ષણિક રીત પછાત વર્ગ માટે કયા ગામમાં બેઠક અનામત રાખવી તે માટે મામલતદાર કક્ષાના અધિકારી દરેક ગામનો સર્વે કરશે અને સર્વે મુજબ જો ગ્રામ પંચાયત વિસ્તારમાં કુલ વસતીના ૫ ટકાથી વધુ વસતી સામાજિક અને શૈક્ષણિક રીત પછાતવર્ગની તે ગ્રામ પંચાયતમાં હોય તો ગ્રામ પંચાયતની રચના માટે આ વર્ગ માટે કુલ બેઠકોના ૧૦ ટકા અનામત બેઠકો અનામત રાખવાની થશે. અર્થાત નિયમ-૬ ની જોગવાઇ માત્ર આ વર્ગ માટે બેઠક અનામત રાખવી કે કેમ ? તે સંખ્યા નક્કી કરવાના હેતુસર છે. એક વખત બેઠકની સંખ્યા નક્કી થયા પછી આ વર્ગ માટે બેટક ફાળવણી કયા વોર્ડમાં કરવાની છે તે અંગે નિયમ-૭ માં જોગવાઇ છે.

નિયમ-૭ની જોગવાઇ મુજબ નિયમ-૬ ના પેટા નિયમ-(૫) હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીત પછાત વર્ગો માટે બેઠકો અનામત રાખી હોય ત્યારે નિયમ-૪ અને ૫ હેઠળ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કર્યા પછી નિયમ-૪ અથા ૫ હેઠળ ફાળવવામાં આવી ન હોય તેવી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલ બેઠકોને સામાન્ય અનુક્રમાંક ધરાવતી બેઠકોને અનુક્રમ પ્રમાણે (સામાજિક અને શૈક્ષણિક રીત પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલ એવી બેઠકોની એક તૃતીયાંશ બેઠક સહિત) સામાજિક અને શૈક્ષણિક રીત પછાત વર્ગો માટે અનામત રાખેલ હોય તેમ નિયમ-૬ ના પેટા નિયમ (૫) સાથે વાંચતા અધિનિયમની કલમ-૯ ની પેટા કલમ-(૫)ના ખંડ (ક) ના પેટા ખંડ (૨) હેઠલ નક્કી કરેલ બેઠકોની સંખ્યા ફાળવવી જોઇશે. જેથી કરીને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણીને પ્રથમ પસંદગી આપી શકાય.

INDEX

નિયમ-૮ ની જોગવાઇ મુજબ નિયમ-૪, ૫ અને ૭ હેઠળ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીત પછાત વર્ગો માટે અનામત બેઠકોની ફાળવણી કર્યા પછી (સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકો સહિત) બાકીની બેઠકો નિયમ-૪, ૫ અથવા ૬, ૭ હેઠળ ફાળવવામાં આવી ન હોય તેવી બેઠકો સામાન્ય ક્રમ સંખ્યા ધરાવતા વોર્ડોની ક્રમાનુસાર ફાળવવી જોઇશે. જેથી કરીને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીત પછાત વર્ગોની સ્ત્રીઓ સિવાયની સ્ત્રીઓ માટે અનામત રાખી બેઠકોની ફાળવણીની પ્રથમ પસંદગી આપી શકાય.

ગ્રામ પંચાયતની ચૂંટણી એકપદીય ચૂંટણી છે. અને તેથી એક વોર્ડમાં એકજ બેઠક છે. આવા કિસ્સામાં નિયમ-૪ અને ૫ ની જોગવાઇ તરફ ધ્યાન દોરવામાં આવે છે. તે મુજબ અગ્રતાના ધોરણે અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવવાની છે. જે વોર્ડમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ એમ બંને માટે ખાસ ક્રમાંક : ૧ ધરાવતો હોય તો તે વોર્ડમાં અનુસૂચિત જાતિ માટે ત્યાર પછીના ક્રમે ખાસ ક્રમાંક : ૨ ધરાવતાં વોર્ડમાં બેઠક ફાળવવાની રહેશે.

ગ્રામ પંચાયતોની વોર્ડ રચનાની મામલતદારશ્રી/નાયબ કલેકટરશ્રીએ જાતે ચકાસણી કરવાની રહેશે અને કલેકટરશ્રીએ તેને પ્રમાણિત કરીને સહી કરવાની રહેશે. તેમજ આ સમગ્ર પ્રક્રિયાની પ્રાથમિક કાર્યવાહી સંપૂર્ણપણે ખાનગી રહે તેની તકેદારી સંબંધકર્તાએ રાખવાની રહેશે.

જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતના મતદાર મંડળ/વોર્ડ રચના અને બેઠક ફાળવણી અંગે આ આદેશની સૂચનાઓ વહીવટી પ્રકારની છે. કોઇપણ પ્રકારની વિસંગતતાના કિસ્સામાં ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ અને તે હેઠળ રચાયેલા જે તે સમયે પ્રવર્તમાન નિયમોની જોગવાઇઓ જ અધિકૃત ગણી અનુસરવાની રહેશે.

કલેકટરશ્રી દ્વારા જિલ્લાની ગ્રામ પંચાયતોની બેઠકોની ફાળવણી તથા વોર્ડોની રચના કરવાના આદેશો કરવામાં આવે ત્યારે તેની એક નકલ રાજ્ય ચૂંટણી પંચને મોકલવાની રહેશે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

INDEX

પત્રક નં. ૧

..... જી. ..... તાલુકા/જિલ્લા પંચાયત મતદાર મંડળની રચના કરવા માટેની વિગત દર્શાવતું પત્રક

અ. નં.	જિલ્લા/તાલુકા પંચાયતનું નામ	જિલ્લા/તાલુકા પંચાયતના વિસ્તારની વસતી			વિકાસ કમિશ્નરશ્રીએ કલમ-૧૦(૪) અને(૫) અને ૧૧(૪) અને (૫) અન્વયે નક્કી કરેલ કુલ બેઠકોની સંખ્યા ..... તે પૈકી	બેઠક દીઠ સરેરાશ વસતી	જિલ્લા/તાલુકા પંચાયત માટે અનુક્રમે ૨૦% અને ૧૫ % છુટ મુજબ લઘુતમ/મહત્તમ વસતી		અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળનું નામ તથા તેનો સામાન્ય ક્રમાંક		રીમાર્કસ
		પુરૂષ	સ્ત્રી	કુલ			વધુત્તમ વસતી	મહત્તમ વસતી	સામાન્ય ક્રમાંક	નામ	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨

	સ્ત્રી	સામાન્ય	કુલ
૧) અનુ. જાતિની બેઠકો			
૨) અનુ. આદિ જાતિની બેઠકો			
૩) સા. શૈ. ૫. વર્ગની બેઠકો			
૪) બીન અનામત બેઠકો/સામાન્ય			

કુલ .....

પત્રક નં. ૨

..... જિલ્લાના ..... તાલુકાના મતદાર મંડળોમાં સમાવિષ્ટ ગામો (મહેસૂલી ગામો) ના નામ, વર્ગવાર વસતીની ટકાવારી તથા ખાસ ક્રમાંકની વિગત બતાવતું પત્રક

મતદાર મંડળનો ક્રમાંક	અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળનું નામ	જિલ્લા/તાલુકા મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ	સને ..... ની વસતી ગણતરી મુજબ ગામની કુલ વસતી			અનુ.જાતિની કુલ વસતી			મતદાર મંડળની કુલ વસતી સામે અનુ. જાતિની વસતીની ટકાવારી	ખાસ ક્રમાંક	અનુ. આદિજાતિની કુલ વસતી		
			પુરૂષ	સ્ત્રી	કુલ	પુરૂષ	સ્ત્રી	કુલ			પુરૂષ	સ્ત્રી	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪

મતદાર મંડળની કુલ વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી	ખાસ ક્રમાંક	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસતી			મતદાર મંડળની કુલ વસતી સામે પછાતવર્ગની વસતીની ટકાવારી	ખાસ ક્રમાંક
		પુરૂષ	સ્ત્રી	કુલ		
૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧

કલેકટર

.....જિલ્લો

નોંધ :- (૧) તાલુકા પંચાયતની દરખાસ્તમાં કોલમ નં.૩માં મહેસૂલી ગામ દર્શાવી તે સામે કોલમ નં. ૪ થી ૯, ૧૨ થી ૧૪ તથા ૧૭ થી ૧૯માં તે મહેસૂલી ગામવાર આંકડા દર્શાવવાના છે.

(૨) જિલ્લા પંચાયતની દરખાસ્તમાં કોલમ નં.૩માં તાલુકા પંચાયતનું મતદાર મંડળ દર્શાવી ઉપરોક્ત કોલમમાં તાલુકા પંચાયતના મંડળદીઠ આંકડા દર્શાવવાના છે.

પત્રક નં. ૩

..... જિલ્લાની ..... તાલુકાની ..... ગ્રામ પંચાયતની વોર્ડવાર અનુસૂચિત/અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસતીની વિગત દર્શાવતું પત્રક.

સને ..... ની વસતી આધારે સૂચિત વોર્ડવાર વસતી :-

ક્રમાંક	અનુસૂચિત જાતિની વસતી				અનુસૂચિત જાતિની વસતી				સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની જાતિની વસતીની સંખ્યા તથા જાતિની વિગત તથા ટકાવારી					વિશેષ નોંધ
	સૂચિત નવીન વોર્ડનો ક્રમાંક	કુલ વસતી	અનુસૂચિત જાતિની વસતી	ટકાવારી (ઉતરતા ક્રમમાં)	સૂચિત નવીન વોર્ડનો ક્રમાંક	વોર્ડની કુલ વસતી	અનુસૂચિત આદિજાતિની વસતી	ટકાવારી ઉતરતા ક્રમમાં	સૂચિત નવીન વોર્ડનો ક્રમાંક	વોર્ડની કુલ વસતી	પછાત વર્ગની વસતી	ટકાવારી ઉતરતા ક્રમમાં		
૧	૨	૩	૪	૫	૬(૧)	૬(૨)	૬(૩)	૭	૮(૧)	૮(૨)	૮(૩)	૯	૧૦	૧૧

મામલતદાર
..... તાલુકો

નાયબ કલેકટર
..... વિભાગ
..... ડિવિઝન

કલેકટર
..... જિલ્લો

નોંધ :- (૧) આ પત્રકમાં તમામ વોર્ડને જે તે વોર્ડમાં અનુસૂચિત જાતિની વસતીની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવા દા. ત. વોર્ડ નં. ૫માં અનુસૂચિત જાતિની વસતી વોર્ડની કુલ વસતી સામે ૮ ટકા હોય અને તે ટકાવારી સૌથી ઉંચી હોય તો વોર્ડ નં ૫ અનુક્રમે ૧ પર દર્શાવવાનો રહેશે.

(૨) આ પત્રકમાં તમામ વોર્ડને જે તે વોર્ડમાં અનુસૂચિત આદિજાતિની વસતીના ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવા. તે જ પ્રમાણે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસતીના ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવા.

પત્રક નં. ૪

..... જિલ્લા ..... તાલુકો ..... ગ્રામ પંચાયત

સૂચિત નવીન વોર્ડ	પંચાયત વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન			બીન અનામત બેઠક	અનામત બેઠકો						
								મહિલા બેઠકનો પ્રકાર			
	લત્તાવાર વિસ્તાર	હદનું વર્ણન	ઘર નંબરોની વિગત (ઘર નંબરથી ઘર નંબર સુધી)		અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ	બીન અનામત	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ
૧	૨(૧)	૨(૨)	૨(૩)	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

: પ્રમાણપત્ર :

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ..... ગ્રામ પંચાયતની સને ..... ની વસતી મુજબની, વસતી મુજબ વોર્ડની રચના કરવાની દરખાસ્ત મેં જાતે ચકાસેલ છે. તેમાં આ ગ્રામ પંચાયત હદનો કોઈ વિસ્તાર રહી જવા પામેલ નથી, તેમ જ હદ બહારના કોઈ વિસ્તારનો સમાવેશ કોઈપણ વોર્ડમાં કરવામાં આવેલ નથી. અન્ય કોઈ ગ્રામ પંચાયતનો મ્યુનિસિપલ કોર્પોરેશન/નગરપાલિકાની હદના કોઈ વિસ્તારના સમાવેશ કરવામાં આવેલ નથી. ગ્રામ પંચાયતની વોર્ડ રચનામાં કોઈ સેન્સસ બ્લોક તોડવામાં આવેલ નથી.

મામલતદાર
..... તાલુકો

નાયબ કલેકટર
..... પ્રાંત
.....
.....

કલેકટર
..... જિલ્લો

અનુસૂચિ

..... તાલુકા/જિલ્લા પંચાયત ..... જિલ્લો .....

અ. નં.	એક સભ્યવાળા પ્રાદેશિક મતદાર મંડળનું નામ	પ્રાદેશિક વિસ્તારમાં સમાવિષ્ટ થતાં ગ્રામપંચાયત/તાલુકા પંચાયતના મતદાર મંડળ/વિભાગનું નામ	બીન અનામત/ સામાન્ય બેઠક	અનામત બેઠક			સ્ત્રી બેઠકનો પ્રકાર			
				અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સા. અને શૈ. પછાત વર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સા. અને શૈ. પછાત વર્ગ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

કલેકટર

જિલ્લો .....

નોંધ :- કોલમ -૨માં મતદાર મંડળ વિભાગના નામો અંગ્રેજી કક્કાવારીના ક્રમમાં દર્શાવવા.
કોલમ -૨ મુજબ મતદાર મંડળમાં જે પ્રકારની બેઠક ફાળવવા દરખાસ્ત હોય તે માટે કોલમ ૪થી ૧૧ પૈકી કોઈ એકમાં ૧ સંખ્યા દર્શાવવાની છે.

(P.T.O.)

પ્રમાણપત્ર નં. ૧

આથી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ..... તાલુકા/જિલ્લા પંચાયતના સને ..... ની વસતી ગણતરી મુજબની વસતી આધારે તૈયાર કરાવેલ આ દરખાસ્તના મતદાર મંડળમાં સંબંધિત કોઈપણ ગામનો/તાલુકા પંચાયતના મતદાર મંડળ/વિભાગનો સમાવેશ કરવાનો રહી જતો નથી. તેમજ મ્યુનિસિપલ વિસ્તાર નોટીફાઈડ વિસ્તાર કે અન્ય પંચાયત વિસ્તારનો સમાવેશ થતો નથી.

સ્થળ : ..... કલેકટર .....

તારીખ : ..... જિલ્લો .....

પ્રમાણપત્ર નં. ૨

આથી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ..... તાલુકા/જિલ્લા પંચાયતના નીચે જણાવેલ મતદાર મંડળની વસતીમાં તાલુકા પંચાયત માટે ૧૫ ટકા અને જિલ્લા પંચાયત માટે ૨૦ ટકા છૂટમર્યાદા કરતાં પણ વધુ વધઘટ આ મતદાર વિભાગની ભૌગોલિક પરિસ્થિતિના કારણે છે.

ક્રમ નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળની વસતી	કારણો
૧	૨	૩	૪

સ્થળ : ..... કલેકટર .....

તારીખ : ..... જિલ્લો .....

INDEX

નં. રાચપ-રચન-ગ્રા.પં.-
કલેકટર કચેરી,
.....
તારીખ : .....

આમુખ :- (૧) આ કાર્યાલયના જાહેરનામા/હુકમ નં. ..... તા. .....

(૨) ગુજરાત ગ્રામ પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો-૧૯૯૪

(૩) રાજ્ય ચૂંટણી પંચના નોટિફીકેશન નં. એસઈસી-ડીએલએમ-વી. પી. ૯૫ તા. ૧૩-૩-૯૫.

(૪) મામલતદારશ્રી ..... તરફથી ગ્રામ પંચાયતના વોર્ડની રચના માટે રજૂ થયેલ માહિતી

આદેશ :

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૯(૪) તથા ૯(૫) અન્વયે ગ્રામ પંચાયતની કુલ બેઠકો અને તે પૈકી અનામત બેઠકો નક્કી કરવાના અધિકારો પરત્વે આમુખ-૧માં જણાવેલ જાહેરનામા/હુકમથી અત્રેથી નીચે મુજબની બેઠકો નક્કી કરેલ છે.

તાલુકાનું નામ	ગ્રામ પંચાયતનું નામ	નક્કી કરેલ બેઠકોની વિગત								
		કુલ બેઠકો	અનુસૂચિત જાતિ માટે		અનુસૂચિત આદિજાતિ માટે		સા. અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે		સામાન્ય સ્ત્રી માટે	સામાન્ય બિન અનામત
			સ્ત્રી	અન્ય	સ્ત્રી	અન્ય	સ્ત્રી	અન્ય		
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

૨. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૬ અન્વયે નક્કી થયેલ બેઠકો જેટલા જ એકપદીય વોર્ડ રચવાની અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૯(૫) મુજબ અનામત બેઠકોની ફાળવણી અંગેની માહિતી મામલતદારશ્રી ..... તરફથી રજૂ થયેલ છે.

૩. રજૂ થયેલ માહિતીના આધારે આમુખ-૨માં જણાવેલ નિયમોની જોગવાઈઓ તથા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૬(૧) ના આમુખ-૩ માં જણાવેલ જાહેરનામા અન્વયે રાજ્ય ચૂંટણી પંચના અધિકારી તરીકે ..... તાલુકાની ગ્રામ પંચાયતના વોર્ડની રચના અને અનામત તથા સામાન્ય બેઠકોની ફાળવણી આ સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે કરવા આદેશ કરવામાં આવે છે.

કલેકટર ..... જિલ્લો અને રાજ્ય
ચૂંટણી પંચના અધિકારી.

પ્રતિ,

- વહીવટદાર/સરપંચશ્રી ..... ગ્રામ પંચાયત ..... તાલુકા .....
- તલાટી ક્રમ મંત્રી ..... ગ્રામ પંચાયત તાલુકા ..... (બે નકલમાં) એક નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા.
- મામલતદાર/તાલુકા વિકાસ અધિકારીશ્રી (બે નકલ) એક નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા.
- કલેકટર કચેરી નોટીસ બોર્ડ ઉપર.///

નકલ રવાના :

જિલ્લા વિકાસ અધિકારીશ્રી .....

નકલ સવિનય રવાના :

સચિવશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફ.

INDEX

પરિશિષ્ટ

વોર્ડનો સામાન્ય ક્રમાંક	વોર્ડમાં સમાવિષ્ટ કરેલ લત્તાવાર વિસ્તાર (ઘર નંબર શક્ય શક્ય હોય તો દર્શાવવા)	વોર્ડનો ખાસ ક્રમાંક		વોર્ડમાં ફાળવણી કરેલ બેઠકનો પ્રકાર
		અનુસૂચિત જાતિની બેઠક માટે	અનુસૂચિત આદિજાતિની બેઠક માટે	
૧	૨	૩	૪	૫

કલેકટર ..... જિલ્લો અને રાજ્ય
ચૂંટણી પંચના અધિકારી.

નોંધ : કોલમ-૫માં બેઠકોના પ્રકાર નીચે મુજબ મુજબ દર્શાવવાના રહેશે.

૧. અનુસૂચિત જાતિ સામાન્ય/સ્ત્રી.
૨. અનુસૂચિત આદિજાતિ સામાન્ય/સ્ત્રી.
૩. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સામાન્ય/સ્ત્રી.
૪. સામાન્ય સ્ત્રી.
૫. સામાન્ય (બિન અનામત).

INDEX

INDEX

પત્રક નં. ૧

..... જિલ્લાની ..... તાલુકાની ..... ગ્રામ પંચાયતની સને ..... ની વસતી ગણતરી મુજબ બ્લોકવાર વિસ્તાર તથા વસતીની વિગત દર્શાવતું પત્રક.

અ. નં.	બ્લોક નંબર	ઘર નંબરની વિગત (ઘર નંબરથી ઘર નંબર સુધી)	બ્લોકમાં સમાવિષ્ટ વિસ્તાર જેવા કે, શેરી, મહોલ્લો, પોળો, માઢવાસ, સોસાયટી, પરાની વિગત તથા તેના ઘર નંબરો અને લત્તાના મુખ્યત્વે રહીશોની જાતિની વિગત	સને ..... ની વસતી ગણતરી મુજબ કુલ વસતીની સંખ્યા	સને ..... ની વસતી ગણતરી મુજબ અનુસૂચિત જાતિની વસતીની સંખ્યા.	સને ..... ની વસતી ગણતરી મુજબ અનુસૂચિત આદિજાતિની વસતીની સંખ્યા.
૧	૨	૩	૪	૫	૬	૭

મામલતદાર
..... તાલુકો

નાયબ કલેકટર
..... પ્રાંત
.....
.....

કલેકટર
..... જિલ્લો

પત્રક નંબર-૨

..... જિલ્લાના ..... તાલુકાની ..... ગ્રામ પંચાયતની સને ..... ની સાલની નવીન વોર્ડવાર વસતીની વિગત દર્શાવતું પત્રક

સને ..... ની વસતી ગણતરી આધારે ગ્રામ અગર જુથ ગ્રામ પંચાયતની કુલ વસતી			ગ્રામ પંચાયતના વોર્ડની કુલ સંખ્યા		સરેરાશ વસતી	૧૦ ટકા વધ મુજબ થતી વસતી	૧૦ ટકા ઘટ મુજબ થતી વસતી
સુચિત નવિન વોર્ડમાં હાલના અગાઉના વોર્ડમાં સમાવિષ્ટ કરેલ વિસ્તારની વિગત સાથે લત્તાવાર ઘર નંબરોની વિગત સાથે			સુચિત નવીન રચેલ વોર્ડનો લત્તાવાર વિસ્તાર તથા ઘર નંબરની વિગત			સુચિત નવીન વોર્ડની કુલ વસતીની સંખ્યા	
હાલના /અગાઉના વોર્ડના નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર તથા ઘર નંબરથી ઘર નંબર સુધી	સુચિત વોર્ડ નંબર	લત્તાવાર વિસ્તાર	બ્લોક નંબર તથા ઘર નંબર સુધી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮

અનુસૂચિત જાતિની વસતી તથા ટકાવારી		અનુસૂચિત આદિજાતિની વસતી તથા ટકાવારી		રીમાર્કસ
કુલ વસતી	કુલ ટકાવારી આસન-૭ ઉપર	કુલ વસતી	કુલ ટકાવારી આસન-૭ ઉપર	
૯	૧૦	૧૧		

મામલતદાર
..... તાલુકો

નાયબ કલેકટર
..... પ્રાંત
.....
.....

કલેકટર
..... જિલ્લો

Extra No. 287

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] THURSDAY, OCTOBER 22, 2009/ASVINA 30, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

ખંભાત નગર પાલિકા અને નાયબ કલેકટર કચેરી, પેટલાદ ધ્વારા

સુધારો

તારીખ : ૨૧મી ઓકટોબર, ૨૦૦૯

ક્રમાંક : ન.પા/ચૂંટણી/ખંભાત/વશી.--ચૂંટણી અધિકારીશ્રી, ખંભાત નગર પાલિકા અને નાયબ કલેકટર પેટલાદના જાહેરનામા ગુજરાત સરકારના ગેઝેટ ભાગ-૪-સી અસાધારણ નં. ૨૪૧ તા. ૮-૯-૨૦૦૯ના પેજ નં. ૨૪૧-૧ થી ૨૪૧-૨ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. જેમાં નીચે પ્રમાણે થયેલ ક્ષતિ સુધારો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

હાલમાં છપાયેલ છે તેની વિગત						સુધારો કરવાનો છે તેની વિગત					
અ. નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલા ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ	અ. નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલા ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામું					નામ	સરનામું	
૧	૨	૩	૪	૫	૬	૧	૨	૩	૪	૫	૬
૧	૨	ત્રીજી બેઠક સામાન્ય	કમલેશભાઈ બાબુભાઈ વાઘેલા	ગુરૂકૃપા સોસાયટી, આંબાખાડ રોડ, ખંભાત	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ	૧	૨	ત્રીજી બેઠક સામાન્ય	કમલેશ બાબુભાઈ વાઘેલા	ગુરૂકૃપા સોસાયટી, આંબાખાડ રોડ, ખંભાત	ભારતીય જનતા પાર્ટી

(સહી)/અવાચ્ય,
ચૂંટણી અધિકારી,
ખંભાત નગર પાલિકા
અને
નાયબ કલેકટર પેટલાદ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 288

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. L] THURSDAY, OCTOBER 22, 2009/ASVINA 30, 1931

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

FOOD, CIVIL SUPPLIES & CONSUMER AFFAIRS DEPARTMENT

Order

Sachivalaya, Gandhinagar, 22nd October, 2009.

No. CHTH/2009/32/ECA/10/2009/73/B - The following notification issued by the Government of India, Ministry of Consumer Affairs, Food and Public Distribution republished for general information of public.

MINISTRY OF CONSUMER AFFAIRS, FOOD AND PUBLIC DISTRIBUTION

(Department of Food and Public Distribution)

ORDER

New Delhi, the 16th July, 2009.

